RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 320* Date: 17.09.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### નો રિપીટ થિયરીને ફોલો કરી મંત્રીમંડળની શપથવિધિ યોજાઈ

# ગુજરાતના સૂકાની ભૂપેન્દ્રભાઈ દ્વારા પોતાની ટીમ તૈયાર કરાઈ



ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજયના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એટલે ગુજરાતના નવા સૂકાનીએ પોતાની ટીમ તૈયાર કરી તેની શપથવિધિ આજે રાજભવન ખાતે યોજી હતી અને તમામે શપથ લીધા બાદ પોતાના મંત્રીમંડળમાં સમાવેશ ગોપનીયતાની શપથ લીધા હતા. આ વર્ષે ગુજરાતનું રાજકારણ કંઈક અલગ અંદાજમાં જોવા મળ્યુ હતું. જેમાં નો-રિપીટ થિયરી સાથે તમામ નવા સભ્યોને મંત્રીપદ આપવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રીમંડળનું કદ કુલ ૨૫નું રાખવામાં આવ્યું છે, જેમાં ૧૦ કેબિનેટ કક્ષાના મંત્રી અને ૫ સ્વતંત્ર અને ૯ રાજ્યકક્ષાના મંત્રી તરીકે રાખવામાં આવ્યા છે. મંત્રીમંડળની રચના બાદ સાંજે ૪:૩૦ વાગે મંત્રીમંડળની પ્રથમ બેઠક મળશે, જેમાં મંત્રીઓને ખાતાંની ફાળવણી કરવામાં આવશે.ભૂપેન્દ્ર પટેલનું આ મંત્રીમંડળ ઘણા નવા ચહેરા અને પ્રયોગોવાળું છે. હાલ જયાં મંત્રીમંડળમાં એક જ મહિલા ધારાસભ્ય છે, એને સ્થાને બેથી ત્રણ મહિલા મંત્રી એમાં હોઈ શકે છે. ભાજપની સરકાર સામે એન્ટી-ઈક્મ્બન્સી ફેક્ટર છે, એને ખાળવા માટે જ ખૂબ જરૂરી એવા સભ્યોને બાદ કરતાં મોટા ભાગના ચહેરા નવા અને અમુક તો પહેલી ટર્મમાં જ મંત્રી બની જાય એવા હશે. આ ઉપરાંત સ્વાભાવિકપણે જ જ્ઞાતિ અને પ્રદેશનું સંતુલન જળવાશે.શપથગ્રહણ પહેલાં ધારાસભ્યોને મંત્રીપદ સોંપાશે એવા ફોન કરવામાં આવી રહ્યા હતા, જેમાં ગણદેવીના નરેશ પટેલ, કનુ દેસાઇ, દુષ્યંત પટેલ, કિરિટ રાણા, હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલ, અરવિંદ રૈયાણી, મનીષા વકીલ, પ્રદીપ પરમાર, કુબેર ડિંડોરને અત્યારસુધીમાં ફોન આવી ચૂક્યા હતા.આ શપથગ્રહણ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ, ભાજપના રાષ્ટ્રીય અગ્રણી અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ, રાષ્ટ્રીય અગ્રણી, બી. એલ. સંતોષ, ગુજરાત વિધાનસભાનાં પ્રોટેમ્પ સ્પીકર ડૉ. નિમાબેન આચાર્ય, પૂર્વ મંત્રીઓ દંડક પંકજભાઈ દેસાઈ તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ, પોલીસ મહાનિર્દેશક તેમજ ધારાસભ્યો, ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.ભાજપનાં સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ, ૩૦ જેટલા મંત્રીઓ-ધારાસભ્યો નો-રિપીટ થિયરીથી અત્યંત નારાજ છે અને કોઈપણ હદે જવા માટે મક્કમ છે. એમાંથી મોટા ભાગના એ મંત્રી છે, જે કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા હતા. કુંવરજી બાવળિયા તો ખૂલીને બહાર આવી ગયા છે. સમાજ દ્વારા પાર્ટી હાઈકમાન્ડને ચેતવણી આપી રહ્યા છે કે કોળી સમાજનું અપમાન થયું તો ચૂંટણીમાં જોઈ લઈશું. અંતે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને ડેમેજ કન્ટ્રોલની જવાબદારી સંભાળવી પડી છે.આ પહેલાં ગુજરાતના રાજકારણમાં બુધવારનો દિવસ ચોંકાવનારો રહ્યો હતો. નવા મંત્રીમંડળના શપથગ્રહણ માટે મંચ તૈયાર કરાયા બાદ અચાનક પોસ્ટરો ફાડી નાખવામાં આવ્યાં હતાં. છેલ્લી ઘડીએ શપથગ્રહણ ટળી ગયું હતું. છેલ્લાં ૨૫ વર્ષથી સત્તામાં રહેલા ભાજપને પહેલીવાર પોતાના મંત્રીઓની નારાજગીને કારણે આ પગલું ભરવું પડ્યું.

જેમાં મંત્રીમંડળના સભ્યો આ પ્રમાણે છે ભૂપેન્દ્ર પટેલ, ઘાટલોડિયા (મુખ્યમંત્રી), રાજેન્દ્ર ત્રિવેદી, રાવપુરા, જીતુ વાઘાણી, ભાવનગર પશ્ચિમ, ઋષિકેશ પટેલ, વીસનગર, પૂર્ણેશ મોદી, સુરત પશ્ચિમ, રાઘવજી પટેલ, જામનગર ગ્રામ્ય, કનુભાઈ દેસાઈ, પારડી, કિરીટસિંહ રાણા, લીંબડી, નરેશ પટેલ, ગણદેવી, પ્રદીપ પરમાર, અસારવા, અર્જુનસિંહ ચૌહાણ, મહેમદાવાદ, હર્ષ સંઘવી, મજુરા, જગદીશ પંચાલ, નિકોલ, બ્રિજેશ મેરજા, મોરબી જીતુ ચૌધરી, કપરાડા, મનીષા વકીલ, વડોદરા, મુકેશ પટેલ, ઓલપાડ, નિમિષાબેન સુથાર, મોરવા હડફ, અરવિંદ રૈયાણી, રાજકોટ, કુબેરસિંહ ડિંડોર, સંતરામપુર, કીર્તિસિંહ વાઘેલા, કાંકરેજ, ગજેન્દ્રસિંહ પરમાર, પ્રાંતિજ, આર. સી. મકવાણા, મહુવા, વિનુ મોરડિયા, કતારગામ, દેવા માલમ, કેશોદ જેમણે આજે શપથ લીધા હતા.

## ટાઇમ મેગેઝિન વિશ્વના ૧૦૦ પ્રભાવશાળી વ્યક્તિઓમાં વડાપ્રધાન મોદીને સ્થાન

વોશિંગ્ટન , તા.૧૬

ટાઇમ મેગેઝિને વિશ્વના ૧૦૦ પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરી છે તેમાં તેમના નામ સાથે તેમની કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો છે. જેમ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે ટાઇમ મેગેઝિને લખ્યું છે કે જ્યારે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારે ઘણા લોકોને એમ લાગી રહ્યું હતું કે તેઓ ભારતને તેના સમાજવાદના ભૂતકાળથી મૂળીવાદ તરફ લઇ જશે. આર્થિક વિકાસ માટે તેમણે ઘણા કામ પણ કર્યા છે. જોકે તેઓએ ભારતને સેક્યૂલારિઝમ એટલે કે બિનસાંપ્રદાયિક્તાથી દુર કરી દીધો અને હિંદુ રાષ્ટ્રવાદ તરફ લઇ ગયા. ટાઇમ મેગેઝિને દાવો કર્યો છે કે બે આંતરરાષ્ટ્રીય થિંકટેંકે કહ્યું છે કે મોદીની દેખરેખમાં ભારત લોકશાહીથી દુર થયો. જ્યારે મમતા બેનરજી વિશે ટાઇમ મેગેઝિનમાં લખાયુ છે કે તેઓએ બંગાળની વિધાનસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના મની અને મેન પાવર સામે ટક્કર આપી અને ચૂંટણી જીત્યા. ગરીબીમાંથી આવતા મમતાએ સ્ટેનોગ્રાફર તેમજ મિલ્ક બૂથ વેંડર તરીકે કામ કર્યું અને મહેનતથી મુખ્યમંત્રી સુધી પહોંચ્યા. જોકે એવુ કહેવાય છે કે મમતા બેનરજી જ તૃણમુલ કોંગ્રેસ છે.પ્રખ્યાત ટાઇમ મેગેઝિને વર્ષ ૨૦૨૧ની વિશ્વના ૧૦૦ પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરી છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મમતા બેનરજી અને કોરોનાની વેક્સિન કોવિશીલ્ડ પુરી પાડનારા સીરમ ઈન્સ્ટિટયૂટના સીઈઓ અદર પુનાવાલાનો પણ સમાવેશ કરાયો છે. આ યાદી બુધવારે જાહેર કરવામાં આવી હતી. જેમાં વૈશ્વિક સ્તરના નેતાઓ જેમ કે અમેરિકાના પ્રમુખ જો બાઇડેન, ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરીસ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ સામેલ છે. આશ્ચર્યની વાત એ છે કે આ યાદીમાં તાલિબાનના સહસ્થાપક મુલ્લા અબ્દુલ ગની બરાદરને પણ સૌથી પ્રભાવશાળી લોકોમાં સામેલ કરાયો છે. યાદીમાં સામેલ અન્ય વૈશ્વિક નેતાઓમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ડ્યૂક અને ડચેસ ઓફ સસેક્સ પ્રિંસ હેરી અને મેગનને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

### કેન્દ્રીય કેબિનેટે ભારતીય ટેલિકોમ સેક્ટરમાં ૧૦૦% વિદેશી રોકાણને મંજૂરી આપી

## ટેલિકોમ કંપની તમામ સરકારી ચૂકવણીમાં ૪ વર્ષની રાહત

ન્યુદિલ્હી, તા.૧૬

કેબિનેટ બેઠકમાં મોદી સરકારે ટેલિકોમ સેક્ટરને આપેલ મહત્વની રાહતની સાથે આગામી સમય માટે પણ મહત્વના નિર્ણય લીધા છે. કેન્દ્રીય કેબિનેટે બુધવારે ભારતીય ટેલિકોમ સેક્ટરમાં ૧૦૦% વિદેશી રોકાણને મંજૂરી આપી છે. ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકારે ઓટોમેટિક રૂટ થકી ક્ષેત્રમાં ૧૦૦% પ્રત્યક્ષ વિદેશી રોકાણ(FDI)ને મંજૂરી આપી છે. બજાર વિશ્લેષકોનું માનવું છે કે આ નિર્ણયનો સૌથી વધુ ફાયદો દેશના સૌથી તણાવગ્રસ્ત વોડાફોન-આઈડિયાને થશે. વોડાફોન પીએલસી તેમાં ભવિષ્યમાં સ્થિતિ સુધરતા નવું રોકાણ કરવા આગળ



આવી શકે છે અથવા અન્ય કંપનીઓ પણ રોકાણ માટે આગળ આવી શકે છે.

તણાવગ્રસ્ત ટેલિકોમ ક્ષેત્રને રાહત આપવા કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે ટેલિકોમ કંપનીઓને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યૂ (એજીઆર) અને સ્પેક્ટ્રમ સહિતની તમામ સરકારી બાકી ચૂકવણી માટે ૪ વર્ષનો મોરેટોરિયમ આપ્યો છે. આ નિર્ણય વોડાફોન આઈડિયા જેવા ખસ્તાહાલત ટેલિકોમ ઓપરેટરોને જીવનદાન આપશે. કેબિનેટ બેઠકની માહિતી આપતા ટેલિકોમ મંત્રાલયના વડા અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકારે દેવાગ્રસ્ત ટેલિકોમ સેક્ટરને રાહત આપવા માટે અને લાંબાગાળા માટે રોજગારીની તકો સર્જી શકે તે હેતુસર અનેક રાહત પેકેજની જાહેરાત કરે છે. તેમણે કહ્યું કે ટેલિકોમ સેક્ટરના પુનરોદ્ધાર માટે ૯ સ્ટ્રકચરલ રિફોર્મ અને ૫ પ્રોસેસ રિફોર્મ નક્કી કરવામાં આવ્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે એજીએઆરની ચૂકવણી માટે ૪ વર્ષનો મોરેટોરિયમ આપવામાં આવશે.

એજીઆરની વ્યાખ્યાને સરળ કરીને માત્ર ટેલિકોમ આવકને જ ગણતરીમાં લેવાશે. સરકાર નોન ટેલિકોમ આવકને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ તરીકે ગણતરીમાં નહિ લે. ટેલિકોમ મંત્રીએ કહ્યું કે લાયસન્સ ફી, સ્પેક્ટ્રમ યુઝર્સ ચાર્જિસ અને અન્ય ચાર્જિસ પર વ્યાજ, પેનલ્ટી અને વ્યાજ પર પેનલ્ટીના ધારાધોરણોને પણ હળવા કરવામાં આવશે. માસિક ચક્રવૃદ્ધિને બદલે હવે વાર્ષિક વ્યાજ સહિતની ગણતરી કરવામાં આવશે. સૌથી મોટી જાહેરાત કરતા મંત્રીએ કહ્યું કે ટેલિકોમ કંપનીઓને એમસીએલઆરના ૨ ટકા વ્યાજે લોન આપવામાં આવશે. આ સિવાય પેનલ્ટી સંપૂર્ણપણે માફ કરવામાં આવશે. આ તમામ ફેરફાર ૧લી ઓક્ટોબરથી લાગુ થશે. આ સિવાય ૪ વર્ષ બાદ પણ સરકાર પાસે એજીઆરની બાકી ચૂકવણીને ઈક્વિટીમાં રૂપાંતરિત કરવાનો વિકલ્પ રહેશે.

વોડાફોન આઈડિયા લિમિટેડના ભૂતપૂર્વ ચેરમેન કુમાર મંગલમ બિરલાએ અગાઉ કેબિનેટ સચિવને પત્ર લખીને વોડાફોન આઈડિયામાં પોતાનો હિસ્સો સરકારને અથવા સરકાર દ્વારા મંજૂર કરેલી કોઈપણ કંપનીને મફતમાં ઓફર કર્યો હતો. ત્યારબાદ ગત ૪ ઓગસ્ટના રોજ અબજોપતિ બિરલાએ ચેરમેન પદેથી રાજીનામું આપતા વોડાફોન આઈડિયા લિમિટેડનો શેર તૂટયો હતો. છચ્ઈ મુદ્દે વોડાફોન-આઈડિયાને ટેલિકોમ મંત્રાલયને ૫૦,૪૦૦ કરોડ ચૂકવવાના બાકી છે. જોકે કેટલાક વિશ્લેષકોના મતે સરકાર કરદાતાઓના નાણાંનો ઉપયોગ ટેલિકોમને બેલઆઉટ કરવા માટે વાપરી ન શકે.

## આ સદીના અંત સુધીમાં ૨૦૦૦ મીટર સુધીનું સમુદ્ર-જળ વધી જશે

ન્યુદિલ્હી, તા.૧૬

સમુદ્ર જળની સપાટી બે કારણસર વધે છે એક તો ગરમીને લીધે સીધું જ તેનું તલ વિસ્ફારિત થાય છે. બીજાું કારણ બરફની છાજલીઓ ઓગળવાનું છે. આથી, પરવામાંઓ ઉપર પણ અસર થાય છે અને તેથી ચક્રવાતો પણ સર્જાય છે. વાસ્તવમાં આ પરિસ્થિતિ ૧૯મી સદીથી શરૂ થયેલા ઔદ્યોગિકરણ સાથે ઉભી થઈ છે અને ૨૦મી સદીના અંત સુધીમાં અત્યંત વધી ગઈ છે.આ સદીમાં જ, સમુદ્રની જળ સપાટી, કેટલી વધશે તે ઉપરથી ભાવિ ઋતુ પરિવર્તનો વિષે જાણકારી મેળવી શકાય તેમ છે. આ સંબંધે ઓસ્ટ્રેલિયાનાં કેનબેરા અને સીડની સ્થિત વિજ્ઞાનીઓ જણાવે છે કે, આ વિશ્વના જુદા જુદા વિસ્તારોમાં સમુદ્રમાં જ રહે તેવા અન્ડર-વૉટર-સેમ્પલિંગ ફલોટસ મુકવામાં આવ્યા છે. તે પ્રમાણે જોતાં કહી શકાય કે, ગ્રીન હાઉસ ગેસીઝમાં જો કોઈ નાટકીય પરિવર્તન ન આવે, તો આ સદીના અંત સુધીમાં ૨૦૦૦ મીટર સુધીનું સમુદ્ર-જળ, ઉષ્ણ થઈ જશે અને તેથી સમુદ્રની સપાટી ૧૭થી ૨૬ સે.મી. વધી જશે. તેનું એક કારણ ધ્રુવ પ્રદેશોનો બરફ ઓગળીને ઓછો થઈ જશે તે છે તેમજ હીમ નદીઓનો બરફ પણ ઓગળી જશે તે પણ નિશ્ચિત છે. આ જલપ્રવાહો છેવટે તો સમુદ્રમાં જશે. આ કારણોસર પણ સમુદ્રની સપાટી ઊંચી આવી જશે. જેની સીધી અસર વાતાવરણમાં ફેલાતા ગ્રીન-હાઉસ ગેસીઝના વધારામાં દેખાશે. આ ગેસીઝ વધવાનું કારણ આપણે બેફામ રીતે ફોસીલ-ફ્યુએલ (પેટ્રોલ-ડીઝલ-કેરોસીન વ.) વાપરીએ તે છે. આથી વાતાવરણમાં વધતી જતી કાર્બન-સૂટને લીધે સૂર્યમાંથી આવતી ઊર્જા અવકાશમાં પાછી ફેંકાતી નથી. તેથી પૃથ્વીનું ઉષ્ણતામાન વધતું જતું રહે છે. પરિણામે સૂર્યમાંથી આવતી ઊર્જા અને બહાર ફેંકાતી ઊર્જા વચ્ચે અસમતુલન સર્જાય છે.

## વડાપ્રધાન મોદીએ સંરક્ષણ મંત્રાલયના નવા કાર્યાલયોનું ઉદ્‌ઘાટન કર્યું

નવી દિલ્હી , તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલા મંત્રી હરદીપ પુરી અને રાજનાથ સિંહે સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, વર્તમાન ઓફિસ જે જગ્યાએ છે તે એક શતાબ્દી કરતા પણ જૂના છે માટે તેમને બદલવા જરૂરી હતા. રાજનાથ સિંહે જણાવ્યું કે, તે ઈમારતો જર્જરિત થઈ ગઈ હતી માટે નવી ઓફિસ જરૂરી હતી. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, આવાસ અને શહેરી કાર્ય મંત્રી હરદીપ સિંહ પુરી, રાજ્ય સંરક્ષણ મંત્રી અજય ભટ્ટ, રાજ્ય આવાસ અને શહેરી કાર્ય મંત્રી કૌશલ કિશોર, પ્રમુખ રક્ષા અધ્યક્ષ જનરલ બિપિન રાવત (સીડીએસ) અને સશસ્ત્ર દળોના પ્રમુખ સામેલ થયા હતા. નવા સંરક્ષણ કાર્યાલય પરિસરોમાં સેના, નૌસેના અને વાયુસેના સહિત સંરક્ષણ મંત્રાલય અને સશસ્ત્ર દળોના આશરે ૭,૦૦૦ અધિકારીઓ કામ કરી શકશે. ર્ઁંના અહેવાલ પ્રમાણે આ ભવનો આધુનિક હોવાની સાથે સુરક્ષિત પણ છે.

ભવન સંચાલનના પ્રબંધન માટે એક એકીકૃત કમાન અને નિયંત્રણ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે જે બંને ભવનોની સુરક્ષા અને મોનિટરિંગ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે ૨ સંરક્ષણ કાર્યાલય પરિસરોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સંરક્ષણ કાર્યાલય પરિસર દિલ્હીના કસ્તૂર બા ગાંધી માર્ગ અને આફ્રિકા એવન્યુમાં છે. વડાપ્રધાન મોદીએ નવા કાર્યાલયો બનાવવાની જરૂર શા માટે પડી તે અંગે પણ વાત કરી હતી. સાથે જ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર નિશાન સાધનારા લોકોને પણ ઘેર્યા હતા. વડાપ્રધાને જણાવ્યું કે, આ નવા કાર્યાલયો ૧૧ એકર જમીનમાં બન્યા છે. પહેલાના કાર્યાલયોની સરખામણીએ ૫ ગણી ઓછી જમીનમાં બનીને તે તૈયાર થયા છે.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટની વેબસાઈટ પણ લોન્ચ કરી હતી. પોતાના સંબોધનમાં વડાપ્રધાને તેને નવા ભારત તરફ આગળ વધી રહેલું પગલું ગણાવ્યું હતું. વડાપ્રધાને જણાવ્યું કે, આ નવી ઓફિસ સંરક્ષણ મંત્રાલયને વધુ મજબૂત બનાવશે. વર્તમાન કાર્યાલયો ખૂબ જ જૂના હતા અને તેમનું સાવ હળવું સમારકામ થતું હતું. વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, જે લોકો સેન્ટ્ર વિસ્ટા પ્રોજેક્ટ પાછળ ડંડો લઈને પડ્યા હતા તેઓ આ પ્રોજેક્ટ પાછળ બિલકુલ ચૂપ રહેતા હતા, હકીકતે આ પણ સેન્ટ્રલ વિસ્ટાનો હિસ્સો જ છે. જે કામ આઝાદી પછી તરત જ થવું જોઈતું હતું તે ૨૦૧૪ બાદ શરૂ થયું.

ભારતની રાજધાની એવી હોવી જોઈએ જેથી કેન્દ્રમાં લોકો, જનતા હોય. સેન્ટ્રલ વિસ્ટાના મૂળમાં પણ આ ભાવના જ છે. મોદી સરકારમાં સમય મર્યાદા પહેલા જ કામ થઈ રહ્યું છે નહીં તો સરકારી કામોમાં ખૂબ લાંબો સમય લાગે છે. એવું માનવામાં આવે છે કે, ૬-૭ મહિનાનું મોડું થાય તો કશો વાંધો નહીં.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

### કિસાન આંદોલન યુપીમાં ભાજપને ફટકો આપવામાં કેટલુ સફળ થશે...?

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો છેલ્લા આઠ મહિનાથી વિરોધ કરવા સાથે પ્રદર્શનો યોજતા રહ્યા છે. જ્યારે કે સરકાર ટસની મસ થતી નથી. સરકાર પાંચમી જૂને ત્રણ કૃષી કાનૂન અંગે વટહુકમ લાવી હતી અને પછી સંસદમાં ચોમાસુ સત્રમાં સરકારે બીલ તરીકે રજૂ કર્યા અને પસાર થઈ ગયા પરંતુ કોઈપણ અડચણ વગર...આ બીલો પસાર થવા પાછળનું કારણ લોકસભામા સરકારની બહુમતી છે પછીથી રાજ્યસભામાં રજૂ થયું ત્યાં સરકારની બહુમતી જ નથી તેથી કૃષિ બીલો બાબતે ભારે હોહા- હોબાળો મચી ગયો પરંતુ સરકારે કુનેહ વાપરી ધ્વની મતથી બીલો પાસ કરાવી દીધા. ખરેખર તો સરકારે કૃષિ બીલો બાબતે જાહેર ચર્ચા કરવી જરૂરી હતી.... અને તે કરી હોત તો કિસાનો પણ કૃષિ બીલોની જોગવાઈઓ બાબતે સારી રીતે સમજી શક્યા હોત, પરંતુ સરકારે જાહેર ચર્ચા નગણ્ય ગણી કૃષિ બીલો મંજુર કરાવી દીધા જેના ઘેરા પ્રત્યાઘાત ખેડૂતોમાં પડ્યા અને અંતે કિસાનો કૃષિ કાનુનોનો વિરોધ કરવા મેદાનમાં ઉતરી પડ્યા. સરકાર સાથે અવારનવાર વાટાઘાટો પછી પણ કૃષિ ટાપુનો પરત ખેંચાયા નથી. પરિણામે કિસાન આંદોલન વિસ્તરતું જઈ રહ્યુ છે. પંજાબ થી શરૂ થયેલું આંદોલન હવે યુપીમાં જામી ગયું છે અને બળતામાં ઘી ભાજપના નેતાઓએ એવું કહીને રેડ્યું છે કે કિસાન આંદોલનની આડમાં ખેડૂત નેતાઓ પોતાની રાજકીય મહત્વકાંક્ષા સંતોષવા માગે છે. અને આ બાબતે ખેડૂતો વધુ ભડકી ગયા છે કારણ ભાજપ નેતાએ ખેડૂતની રાજકીય મહત્વાકાંક્ષા બાબતે કોઈ ફોડ પાડ્યો નથી કે પાડતા નથી. પરિણામે ખેડૂત આંદોલનનુ મૂળ પંજાબ છે પરંતુ હવે તેને યુપીને નિશાના પર લીધું છે.અને કેન્દ્રની સત્તાનો આધાર યુપી છે.એટલા માટે કિસાનો ત્યાંથી જ ભાજપને ફટકો આપવા માંગે છે.....!

દેશના પાંચ રાજ્યોમાં આવતા વર્ષમાં ચૂંટણી યોજાનાર છે તે પૈકી ઉત્તર પ્રદેશના શાસન પર ભાજપ કૂધા કરે છે જેથી કિસાનો યુપીમા ભાજપને હરાવવા જોરશોરથી પ્રયાસો કરશે. તેમાં પણ પશ્ચિમ ઉત્તર પ્રદેશની વિધાનસભાની ૧૩૦ બેઠકો છે અને અહી કિસાનોનુ જોર છે. તે સાથે રાકેશ ટિકૈટને આ વિસ્તારના જાટ કિસાનો પીઠબળ પૂરું પાડી રહ્યા છે. રાકેશ ટિકૈટે મુઝફ્ફર ખાતે યોજેલ કિસાન રેલીમાં એક લાખથી વધુ લોકો આવ્યા હતા. જે મોટામાં મોટું શક્તિ પ્રદર્શન હતું. સ્ટેજ પર મુસ્લિમ નેતાઓને સ્થાન? આપવામાં આવ્યુ હતું.આ રેલીમાં ટિકૈટે હર હર મહાદેવ અને અલ્લાહનું અકબરનું સૂત્ બોલાવ્યું હતું. એ સૂત્ર દ્વારા હિન્દુ-મુસ્લિમ એકતાનો સંદેશો આપ્યો હતો. આ સૂત્ર બોલાવવા પાછળનું કારણ અહી હિન્દુ મુસ્લિમ છૂટા પડેલા હતા જેથી ભાજપને ફાયદો થયો હતો.જોકે આ રેલીમાં દરેક વક્તાઓએ હિંદુ- મુસ્લિમ એકતા પર ભાર મૂક્યો હતો. તે સાથે ભાજપને હરાવવાના ભાષણો થયાં હતા. બીજી તરફ ભાજપ સરકાર ઘઉ,જવ વગેરે કૃષિ ઉત્પાદનોના ટેકાના ભાવો વધારવાની જાહેરાત કરી છે... જોકે તેનો લાભ કિસાનોને મળે છે કે નહીં તે બીજી બાબત છે.....! તો ભાજપ પાસે એવા જાટ કિસાનો છે કે જે ભાજપ છોડે તેમ નથી. ઉપરાંત મધ્યમવર્ગના કિસાનો પાસે જમીનો ઓછા પ્રમાણમાં હોવાથી તેઓ આંદોલનમાં જોડાયા નથી..... છતાંય યે તો પબ્લિક હૈ.....! ભારત ખેતીપ્રધાન દેશ છે અને તે ભારતનું ગૌરવ છે. કોરોના કાળમાં કૃષિક્ષેત્ર દેશની અર્થવ્યવસ્થાનો સહારો બન્યું છે તે બાબત સરકાર અને પ્રજાએ સમજવાની જરૂર છે.....! ?

વંદે માતરમ્

# કોરોના અંગે સોશિયલ મીડિયામાં ખોટી માહિતી ફેલાવવામાં ભારત વિશ્વમાં આગળ

નવી દિલ્હી , તા.૧૬

કોવિડના ઉપચાર અને કોરોનાના સંક્રમણ વિશે ખોટી માહિતી ફેલાવવામાં સૌથી વધુ જવાબદાર ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મને જવાબદાર ઠરાવવામાં આવ્યા હતા.ઈન્ટરનેટ ઉપર ખોટી માહિતી ફેલાવવાથી પ્રભાવિત થનારા ટોચના દેશોમાં ભારત (૧૫.૯૪ ટકા), અમેરિકા (૯.૭૪ ટકા), બ્રાઝિલ (૮.૫૭ ટકા) અને સ્પેન (૮.૦૩ ટકાનો સમાવેશ થાય છે. કોવિડ-૧૯ની મહામારી અને તેને ફેલાવનાર કોરોના વારિસ વિશે જાત જાતની ખોટી માહિતીઓ સોશિયલ મીડિયામાં ફેલાવવાની બાબતમાં ભારત સમગ્ર વિશ્વમાં ટોચ ઉપર રહ્યું છે.

ભારતમાં ઈન્ટરનેટના વપરાશકર્તાઓની સંખ્યા ખુબ મોટી હોવાના કારણે આમ થયું હતું એમ તાજેતરમાં હાથ ધરવામાં આવેલાં એક સર્વેમાં તારણ વ્યક્ત કરાયું હતું. ઉલ્લેખનીય છે કે કોવિડની મહામારીના ઉપચાર અંગે ભારતમાં સોસિયલ મીડિયા ઉપર ખોટી માહિતીની ભરમાર ચાલી હતી. નેટ વાપરનાર પ્રત્યેક દસ વ્યક્તિમાંથી એક વ્યક્તિ દ્વારા જાણ્યા જાગ્યા વિના કઈ કઈ અને કેવી આયુર્વેદિક દવાઓથી કોવિડનો ઉપચાર કરવો તે અંગેની ખોટી માહિતી સૌથી વધુ ફેલાવવામાં આવી હતી. જો કે આ પ્રકારની ખોટી માહિતી ફેલાવવામાં કોરોના કાળમાં ઈન્ટરનેટનો પણ સૌથી વધુ ઉપયોગ થયો હતો એમ સર્વેમાં વિશેષ નોંધ મૂકવામાં આવી હતી. પ્રિવેલન્સ એન્ડ સોર્સ એનાલિસિસ ઓફ કોવિડ-૧૯ મિસઈન્ફર્મેશન ઈન ૧૩૮ કન્ટ્રીઝ (કોવિડ-૧૯ અંગે ૧૩૮ દેશોમાં ફેલાયેલી ખોટી માહિતી અને સ્રોતની સમીક્ષા) શીર્ષક ધરાવતો આ સર્વે સેગ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ લાયબ્રેરી એસોસિયન એન્ડ ઈન્સ્ટિટયૂશ્નલ જર્નલમાં પણ પ્રસિદ્ધ થયો હતો.

આ સર્વે દરમ્યાન કોવિડ-૧૯ની મહામારી વિશે વિશ્વના ૧૩૮ દેશોમાં ફેલાયેલી ખોટી માહિતી પૈકી ૯૬૫૭ ખોટી માહિતીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

વિશ્વના જુદ જુદા દેશોમાં ખોટી માહિતીઓના સ્રોતને સમજવા ૯૪ જેટલા સંગઠનો અને સંસ્થાઓએ આ ખોટી માહિતીઓની ઉલટ ચકાસણી કરી હતી અને જાણવા પ્રયાસ કર્યો હતો કે ફેલાયેલી ખોટી માહિતીમાં સત્ય અને તથ્ય કેટલાં પ્રમાણમાં છે. સર્વેમાં જાણવા મળ્યું હતું કે કોવિડ-૧૯ની મહામારી અને તેના ઉપચાર વિશે સોશિયલ મીડિયમાં ફેલાયેલી વિશ્વના વિવિધ દેશોની ખોટી માહિતીઓમાં ભારતમાં સૌથી વધુ એટલે કે ૧૮.૦૭ ટકા ખોટી માહિતી ફેલાવવામાં આવી ભારત જેવા દેશમાં કોરોના અને કોવિડ વિશે વિશ્વના તમામ દેશોની તુલનાએ સૌથી વધુ ખોટી માહિતી ફેલાવવાના વિવિધ કારણો અંગે સર્વેમાં કહેવામાં આવ્યું હતું કે કદાચ ભારતમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા સૌથી વધુ છે તેથી અને તે ઉપરાંત ભારતના ઈન્ટરનેટના વપરાશકર્તાઓ પાસે ઈન્ટરનેટના ઉપયોગ અંગે પૂરતા જ્ઞાાન અને માહિતીનો અભાવ જેવા પરિબળો સૌથી વધુ પ્રમાણમાં ખોટી માહિતી ફેલાવવા માટે જવાબદાર હોઈ શકે છે.

# Space Xએ સામાન્ય નાગરિકોને ૩ દિવસ માટે મોકલ્યા અંતરિક્ષમાં



, નવી દિલ્હી , તા.૧૬

નાસાના ફ્લોરિડા સ્થિત કૈનેડી સ્પેસ રિસર્ચ સેન્ટર ખાતેથી ફાલ્કન-૯ રોકેટે ઉડાન ભરી હતી. આ વખતે ડ્રેગન કૈપ્સ્યુલ ૩૫૭ મીલ એટલે કે, ૫૭૫ કિમીની ઉંચાઈએ પૃથ્વીની કક્ષામાં પહોંચશે. તે હબલ સ્પેસ ટેલિસ્કોપથી આગળ છે. તે બંને સિવાય અમેરિકી એરફોર્સના પાયલટ રહી ચુકેલા ક્રિસ સેમ્બ્રોસ્કી અને ૫૧ વર્ષીય શોન પ્રોક્ટર પણ યાત્રામાં સામેલ છે. પ્રોક્ટર એરિઝોનાની એક કોલેજમાં ઝિયોલોજીના પ્રોફેસર છે. હેયલી અંતરિક્ષમાં જનારી સૌથી ઓછી ઉંમરની અમેરિકી નાગરિક છે. બિઝનેસમેન એલન મસ્કની કંપની Space Xનું પહેલું ઓલ સિવિલિયન ક્રૂ બુધવારે રાતે અંતરિક્ષ તરફ રવાના થઈ ગયું હતું. કંપનીએ પહેલી વખત ૪ સામાન્ય લોકોને અંતરિક્ષમાં મોકલ્યા છે. આ મિશનને ઈન્સપિરેશન ૪ નામ આપવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે, ધરતીની કક્ષામાં જનારૂં આ પ્રથમ નોન પ્રોફેશનલ એસ્ટ્રોનોટ્સ ક્રૂ છે. અંતરિક્ષમાં જનારા ચારેય યાત્રી ડ્રેગન કેપ્સ્યુલ દ્વારા અંતરિક્ષમાં રવાના થયા છે. તેઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી ૧૬૦ કિમી ઉંચી ઉચ્ચ કક્ષાએથી વિશ્વની પરિક્રમા કરતા કરતા અંતરિક્ષમાં ૩ દિવસ વિતાવશે. ત્યાર બાદ સ્પેસક્રાફ્ટ ફરી પૃથ્વીના વાયુમંડળમાં પ્રવેશ કરશે અને ફ્લોરિડાના કિનારેથી નીચે પડી જશે. આ મિશનની કમાન ૩૮ વર્ષીય ઈસાકમૈનના હાથમાં છે. તેઓ પેમેન્ટ કંપનીના ફાઉન્ડર અને સીઈઓ છે. તેમણે ૧૬ વર્ષની ઉંમરે આ કંપનીની શરૂઆત કરી હતી. આ સ્પેસએક્સના સંસ્થાપક એલન મસ્કની અંતરિક્ષ પર્યટનની વિશ્વમાં પહેલી એન્ટ્રી છે. તેના પહેલા બ્લુ ઓરિજિન અને વર્જિન સ્પેસ શિપએ પણ પ્રાઈવેટ સ્પેસ ટુરિઝમની શરૂઆત કરીને ઉડાન ભરી હતી.

## આતંકવાદના એપિસેન્ટર પાસેથી શીખવાની જરૂર નથી : ભારત

નવી દિલ્હી , તા.૧૬

પાકિસ્તાનમાં અલ્પસંખ્યકોના અધિકારોનું હનન કરવામાં આવી રહ્યું છે. દરરોજ પાકિસ્તાનથી પીડાદાયી સમાચાર સામે આવે છે. અલ્પસંખ્યકોમાં ભયનો માહોલ છે તેવામાં ખુલ્લેઆમ આતંકવાદનું સમર્થન કરનારા દેશે આ પ્રકારની વાતો ન કરવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે, આ પહેલી વખત નથી જેમાં પાકિસ્તાને કોઈ મોટા આંતરરાષ્ટ્રીય મંચ પર આ પ્રકારે અપમાનિત થવું પડ્યું હોય. પાકિસ્તાને જ્યારે જ્યારે આ પ્રકારે કાશ્મીર મુદ્દો ઉઠાવવા પ્રયત્ન કર્યો છે ત્યારે ભારતે તેને જડબાતોડ જવાબ આપ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ (UNHRC)માં બુધવારે ભારતે પાકિસ્તાનની ઝાટકણી કાઢી નાખી હતી. કાશ્મીર મુદ્દો ઉઠાવવાને લઈ ભારતે પાકિસ્તાનને નિશાન પર લીધું હતું અને તેમણે (ભારતે) કોઈ નિષ્ફળ પાસેથી શીખવાની જરૂર નથી જે આતંકવાદનું એપિસેન્ટર હોય તેમ કહ્યું હતું. આ સાથે જ ભારતે OIC દેશોને પણ લપેટમાં લીધા હતા અને તેમણે પાકિસ્તાનની વાતોમાં આવવાની જરૂર નથી તેવી સલાહ આપી હતી.

# એર ઇન્ડિયાને ખરીદવા ટાટા જૂથ અને સ્પાઇસ જેટ મેદાનમાં

નવી દિલ્હી , તા.૧૬

એર ઈન્ડિયા હાલ રુ. ૬૦,૦૭૪ કરોડના જંગી દેવાના ડુંગર હેઠળ દબાયેલી છે. જો કે એર ઈન્ડિયા ખરીદનાર કંપનીને તો રુ. ૨૩,૨૮૬ કરોડનું દેવું બરવું પડશે જ્યારે બાકીનું દેવું એર ઈન્ડિયા એસેટ હોલ્ડિંગ લિમિટેડ કંપનીને તબદીલ કરી આપવામાં આવશે.

યાદ રહે કે ૨૦૦૭માં જ્યારે ઈન્ડિયન એરલાઈન્સ અને એર ઈન્ડિયાનું મર્જર કરાયું ત્યારથી એર ઈન્ડિયાએ ખોટ કરવાની શરુઆત કરી દીધી હતી. અત્રે સંજોગ એવો સર્જાયો છે કે ૧૯૩૨માં ટાટા ગ્રુપે જ એર ઈન્ડિયાની સ્થાપના કરી હતી, પરંતુ તે સમયે તે એક ખાનગી કંપનીનો દરજ્જો ધરાવતી હતી, હવે તેને ખરીદવા ફરીથી ટાટા ગ્રુપે જ સૌથી વધુ રસ દાખવ્યો છે.

ભારત સરકારે બુધવારે કહ્યું હતું કે દેશની સૌથી જૂની એવી એર ઈન્ડિયા ખરીદવા માટે ટાટા જૂથ અને સ્પાઈસ જેટ સહિત તેને અન્ય ઘણી કંપનીઓ તરફથી બીડ મળી ગઈ છે. દરમ્યાન ટાટા ગ્રૂપના પ્રવક્તાએ પણ પીટીઆઇ સમાચાર સંસ્થાને કહ્યું હતું કે એર ઈન્ડિયાને ખરીદવા માટે તેમના



ગ્રુપે પણ સરકારને પોતાની બીડ મોકલી આપી છે. સ્પાઈસ જેટના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અજય સિંઘે પમ કહ્યું હતું કે તેમણે એર ઈન્ડિયાને ખરીદવા તેમની ફાઈનાન્સિયલ બીડ સરકારને પહોંચાડી દીધી છે.

એર ઈન્ડિયાના ડિસઈન્વેસ્ટમેન્ટ માટે ટ્રાન્ઝેક્શન એડવાઈઝરને ફાઈનાન્સિયલ બીડ મળી ગઈ છે, તેથી હવે એર ઈન્ડિયાના ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા અંતિમ નિષ્કર્ષ તરફ આગળ વધી શકશે એમ ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (દિપમ)મા સચિવ તુહિનકાંતા પાંડેએ પોતાના ટ્વિટર હેન્ડલ ઉપર ટ્વિટ કરીને કહ્યું હતું. સરકાર એર ઈન્ડિયાનો ૧૦૦ ટકા હિસ્સો વેચી દેવા ઈચ્છે છે, જેમાં તેની સંપૂર્ણ માલિકીની એર ઈન્ડિયા એક્સપ્રેસની ૧૦૦ ટકા માલિકીનો પણ સમાવેશ થઈ જાય છે. તે ઉપરાંત એર ઈન્ડિયા સેટ્સ એરપોર્ટ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીનો ૫૦ ટકા હિસ્સો પણ વેચી દેવામાં આવશે. જો કે એર ઈન્ડિયાની હિસ્સેદારી વેચવાની પ્રક્રિયા તો જાન્યુઆરી-૨૦૨૦માં જ શરુ થઈ ગઈ હતી પરંતુ કોવિડની મહામારીના કારણે આ પ્રક્રિયામાં વિલંબ થયો હતો.

ગત એપ્રિલ-૨૦૨૧માં ખુદ કેન્દ્ર સરકારે જ એર ઈન્ડિયા ખરીદવા માટે મજબૂત ઉમેદવાર ગણાતી કંપનીઓને સામેથી તેઓના ફાઈનાન્સિયલ બીડ મોકલી આપવા જણાવ્યું હતું. ૧૫ સપ્ટેમ્બર અને બુધવારનો દિવસ બીડ મોકલી આપવાનો છેલ્લો દિવસ હતો.

# અફઘાનિસ્તાનમાં હુમલા કરવા માટે ભારતમાં સ્થળ શોધશે : એન્ટની બ્લિંકેન

અમેરિકા , તા.૧૬

અફઘાનિસ્તાનમાં અત્યારે લગભગ ભૂખમરા જેવી સ્થિતિ પ્રવર્તે છે. ૧ કરોડથી વધુ અફઘાનો અર્ધ-ભૂખ્યા છે. તેમને માટે યુનોએ ૬૦ લાખ ૬૦ હજાર ડોલર જેટલી સહાય માગી હતી. તે સામે વિશ્વના દેશોએ ૧ અબજ ડોલર જેટલી સહાયનો ધોધ વહેવડાવ્યો છે. પરંતુ બ્લિકંન સહિત દુનિયાના નેતાઓને ચિંતા તે થાય છે કે તાલિબાનો તે સહાયનું ન્યાયપૂર્વક વિતરણ કરશે કે કેમ ? બીજી તરફ પાકિસ્તાનના અફઘાનિસ્તાન સ્થિત રાજદૂત મન્સૂર અહમદ ખાન, અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકીને મંગળવારે મળ્યા હતા. આથી બ્લિક્રને પાકિસ્તાનને જણાવ્યું હતુ કે જયાં સુધી તાબિલાનો આંતરરાષ્ટ્રીય માગણીઓ ન પુરી કરે ત્યાં સુધી તેને કાયદેસરની સ્વીકૃતિ આપવી ન જોઈએ.અફઘાનિસ્તાનમાં વીમાની હુમલા કરવા માટે ભારતમાં સ્થળ શોધવા, અમેરિકા ભારતનાં સંપર્કમાં છે. આ સાથે અમેરિકા પાકિસ્તાન સાથેના તેના સંબંધો અંગે પણ પુર્નમુલ્યાંકન કરનાર છે. તેમ અમેરિકી વિદેશમંત્રી એન્ટની બ્લિક્રેને અમેરિકાને અફઘાનિસ્તાનમાંથી પોતાનાં દળો પાછા ખેંચી લેવા સંદર્ભે સેનેટની વિદેશ-સમીતીને જણાવ્યું હતું. ૨૪મી સપ્ટેમ્બરે યોજનારી ક્વોડ સમિટ સમયે મોદી-બાયડન મંત્રણા અને તે પછી એક થી એક તે રીતે બંને વચ્ચે થનારી ચર્ચા પૂર્વે, અમેરિકી વિદેશ મંત્રીનાં આ નિવેદનને ઘણું જ મહત્વ અપાઈ રહ્યું છે. આ નિવેદન દરમિયાન, જ્યારે સાંસદ માર્ક-ગ્રીને બ્લિક્રેનને પુછયું કે આપણે આ સંબંધે ભારત સાથે વાતચીત કરી છે ? ત્યારે તેઓ હકારાત્મક ઉત્તર આપતાં બ્લિક્રેને કહ્યું હતું કે, હું ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગ, વિષે કહી રહ્યો છું. કારણ કે કતાર અને દોહા પ્રમાણમાં જરા દૂર છે.

# ઓટોમોબાઈલ અને ડ્રોન ઉદ્યોગ માટે પીએલઆઈ સ્કીમને મંજૂરી



નવી દિલ્હી , તા.૧૬

પીએલઆઈની મદદથી ભારત વિશ્વમાં ઓટો માટે મેન્યુફેક્ચરિંગ હબ બની શકશે. આ લાભ ફક્ત એવી જ કંપનીઓને મળશે જે રેવન્યુ અને રોકાણની શરતોનું પાલન કરશે. કાર ઉત્પાદક કંપનીઓએ આગામી પાંચ વર્ષમાં ઓછામાં ઓછું ૨૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવું પડશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર સરકારના આ નિર્ણયથી સૌથી વધુ ફાયદો ઈલેક્ટ્રિક કાર બનાવનાર અમેરિકન કંપની ટેસ્લાને થશે. પીએલઆઈ સ્કીમના પ્રોત્સાહનથી ટેસ્લા ભારતમાં પોતાની પ્રસિદ્ધ ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન શરૂ કરી શકે છે. કેન્દ્રીય કેબિનેટ આજે ઓટો, ઓટો પાર્ટ્સ અને ડ્રોન ઉદ્યોગ માટે રૂ. ૨૬,૦૫૮ કરોડ રૂપિયાની પ્રોડક્શન લિંકડ ઈન્સેન્ટીવ(પીએલઆઈ) સ્કીમને મંજૂરી આપી છે. દેશની મેન્યુફેક્ચરિંગ ક્ષમતામાં વધારો કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે તેમ કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે એક નિવેદનમાં જણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટની બેઠક પછી પ્રધાને પત્રકારોને જણાવ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં ઉદ્યોગને ૨૬,૦૫૮ કરોડ રૂપિયાના ઈન્સેન્ટીવ્સ આપવામાં આવશે. ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે આ પીએલઆઈ સ્કીમથી આગામી પાંચ વર્ષમાં ૪૨,૫૦૦ કરોડ રૂપિયાનું નવુ રોકાણ આવશે અને ૭.૫ લાખ નવી નોકરીઓનું સર્જન થશે. ઉલ્લેખનીય છે કે ઓટોમોબાઈલ અને ડ્રોન ઉદ્યોગ માટે જાહેર કરવામાં આવેલી પીએલઆઈ સ્કીમ ૨૦૨૧-૨૨ના બજેટમાં રજૂ કરવામાં ૧૩ સેક્ટરો માટેની પીએલઆઈ સ્કીમનો ભાગ છે. તે સમયે ૧૩ સેક્ટરો માટે કુલ ૧.૯૭ લાખ કરોડ રૂપિયાની પીએલઆઈ સ્કીમ જાહેર કરવામાં આવી હતી. કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે કેબિનેટના નિર્ણયોની માહિતી આપતા જણાવ્યું હતું કે ડ્રોન સેક્ટર માટે પણ પીએલઆઈ હેઠળ ૧૨૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.આનાથી દેશમાં ડ્રોનના ઉત્પાદન અને સંચાલનને વેગ મળશે.

# સૌરાષ્ટ્રમાં ભારે વરસાદથી લોકો પરેશાન ત્યારે ધારાસભ્યો મંત્રી બનવા માટે ગાંધીનગર આવ્યા

ગાંધીનગર ,તા.૧૬

સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં સોમનાથના તલાલા, ગીરગઢડા, વેરાવળ, સૂત્રાપાડા, ઉના, કોડીનારમાં ૧થી ૨ ઈંચ વરસાદ, દ્વારકાના ભાણવડમાં ૧, ખંભાળિયા આર્ધો ઈંચ, મોરબી જિલ્લાના ટંકારામાં ધોધમાર ૩ ઈંચ, વાંકાનેર અને માળિયા મિયાણામાં દોઢ અને હળવદમાં અર્દો ઈંચ, અમરેલી જિલ્લાના વડીયા ૪ ઈંચ, બગસરા ૨ ઈંચ જ્યારે લિલીયા, ધારી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા , જાફરાબાદ તાલુકામાં આર્ધાથી એક ઈંચ, પોરબંદરના કુતિયાણામાં ૨ ઈંચ અને રાણાવાવ તથા પોરબંદરમાં એક ઈંચ વરસાદ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘમહેરથી એકંદરે ખુશીની લહેર છવાઈ છે. રાજકોટ જિલ્લામાં લોધિકામાં ૧૮ કલાકમાં ૨૩ ઈંચ ધોધમાર વરસાદથી માર્ગો પર પૂરના પાણી ફરી વળ્યા હતા. લોધિકા તાલુકાના ખીરસરા ,છાપરા પાસે રાજકોટ-કાલાવડ રોડ પર માર્ગો પર ધસમસતા પાણીમાંકારથી માંડીને કાલાવડ રોડ પર ટ્રક સહિતના અસંખ્ય વાહનો તણાયા હતા. જિલ્લામાં કોટડાસાંગાણી તાલુકામાં ૧૦, ધોરાજી તાલુકામાં ૧૨ ઈંચ, ગોંડલમાં ૧૦, ઉપલેટા ૮ ઈંચ, જામકડોરણા ૬ ઈંચ, જેતપુરમાં ૩ ઈંચ વરસાદથી સમગ્ર જિલ્લામાં રાજકોટનો ન્યારી-૧ ઉપરાંત ગોંડલનું વેરી તળાવ, ઉપલેટાનો મોજ ડેમ, પડધરી પાસે આજી-૩, ડોંડી, ખોડાપીપર સહિતના જળાશયો, વેણુ-૨ વગેરે ડેમો ઓવરફ્લો થયા છે. જિલ્લા તંત્ર દ્વારા અલંગથી પાંચ બોટઅને ૧૫ તરવૈયાઓની ટીમ રાજકોટ શહેર અને ધોરાજીમાં મોકલાઈ હતી. રાજકોટમાં ૧૩૫૫, ગોંડલમાં ૨૫૦ સહિત જિલ્લામાં ૩ હજારથી વધુ લોકોનું સૂથળાંતર કરાયું હતું. જુનાગઢ જિલ્લામાં ગીરનાર અને દાતાર પર્વત પર ૧૮ ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જયારે વિસાવદર ૧૭ ઈંચ, જુનાગઢમાં ૭ ઈંચ, માળિયાહાટીના,મેંદરડા, કેશોદમાં ૪, ભેંસાણ, વંથલી અને માણાવદર તાલુકામાં ૫ ઈંચ અને માંગરોળમાં ૩ ઈંચ વરસાદથી ચોતરફ પાણીના પૂર આવ્યા હતા. વિલિંગ્ડન, આણંદપુર, હસનાપુર, નરસિંહ તળાવ સહિતના જળાશયો ઓવરફ્લો થયા છે. વહીવટીતંત્રએ ભારે વરસાદના પગલે દામોદાર કુંડ , વિલિંગ્ડન ડેમ પર જવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે.

પ્રજાની સેવા કરવી છે તેવા વાંરવાર ઉદગારો ઉચ્ચારનારાં ભાજપના નેતાઓની સત્તાલોલુપતાની પોલ ઉઘાડી પડી છે કેમકે, એક બાજુ, ભારે વરસાદને કારણે સૌરાષ્ટ્રની જનતા પારાવાર મુશ્કેલી અનુભવી રહી છે. પુર જેવી સ્થિતીને કારણે ઘરવખરી તણાઈ ગઈ છે. કોઈ પુછનાર નથી. આ સ્થિતીમાં મત વિસ્તારની જનતાને ભગવાન ભરોસે છોડી ભાજપના ધારાસભ્યો રાજધાની ગાંધીનગરમાં મંત્રીપદ મેળવવા ટાંટિયાખેંચમાં વ્યસ્ત બન્યા છે.આ કારણોસર લોકો ચૂંટાયેલાં જનપ્રતિનીધીઓ પર ફિટકાર વરસાવી રહ્યા છે. છેલ્લા એકાદ અઠવાડિયાથી સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે.

જમનગર, સોમનાથ, પોરબંદર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદથી પુર જેવી સ્થિતીનુ નિર્માણ થયુ છે. ૪૦ હજાર હેક્ટર જમીન ધોવાઈ ગઈ છે. ખેતીને લાખો રુપિયાનું નુકશાન થયુ છે. હજારો પશુધન વરસાદી પાણીમાં તણાયા છે. લોકોના ઝૂંપડા અને ઘરવખરીને નુકશાન પહોચ્યુ છે. ૮૦થી વધુ ગામડાઓમાં અંધારપટ છવાયો છે. લોકો વિજળી વિના અંધારામાં રાત ગુજારી રહ્યા છે. વરસાદી પાણીમાં રસ્તાઓને નુકશાન થતાં વાહન વ્યવહાર અટવાયો છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પણ લોકો સુધી પહોંચી શકી નથી. અસરગ્રસ્તો ફુડપેકેટો ખાઈને દિવસ પસાર કરી રહ્યા છે.આવી કરુણ પરિસ્થિતી સર્જાઈ છે ત્યારે લોકોમાંએ એવી ચર્ચા છેકે, દુઃખના સમયે ચૂંટાયેલાં જનપ્રતિનિધીઓ પ્રજા વચ્ચે જવુ જોઈએ. તેમના પડખે રહી સમસ્યા હલ કરવી જોઈએ. તેના બદલે ધારાસભ્યો મંત્રી બનવાની લાલચમાં ગાંધીનગર દોડયા છે. કાર,બંગલો અને હોદ્દો મેળવવાની લ્હાયમાં ધારાસભ્યો મત વિસ્તારની દુખી જનતાને ય ભૂલ્યા છે.

લોકોનુ કહેવુ છેકે, કપરા કાળમાં લોકોને ભગવાન ભરોસે છોડી ધારાસભ્યો મંત્રી બનવાની રાજકીય રમત રમવામાં વ્યસ્ત બન્યા છે. એ વાતની લોકોને ખાતરી થઈ ગઈ છેકે, ધારાસભ્યોને પ્રજા કરતાં સત્તાનો વધુ મોહ છે.

એટલું જ નહીં,પ્રજાની સેવા કરવાની વાતો કરતાં ધારાસભ્યોની સત્તાલોલુપતાનો મતવિસ્તારની જનતાને ય ખ્યાલ આવી ગયો છે. ત્રાણ માસથી મેઘરાજાનો ઈંતજાર કરતા સૌરાષ્ટ્રવાસીઓ પર આજે એક દિવસમાં જ મેઘરાજાએ વિજળીના કડાકા-ભડાકા અને તીવ્ર પવન સાથે છપ્પર ફાડકે જળવર્ષા કરીને ધરતીને પાણી પાણી કરી દીધી હતી. રાજકોટ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં ૪થી ૨૩ ઈંચ સુધી અતિ ભારે ધોધમાર વરસાદ વરસ્યો હતો તો અન્ય જિલ્લાઓમાં પણ ૧થી ૪ ઈંચ મેઘવર્ષા થઈ છે. સાંજે પણ વરસાદનું જોર યથાવત્ રહ્યું છે.

CYMK




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 100**

શીર્ષક :અમૂલાં મોતી

નામ : બીજલ જગડ

સમયની રેતમાં પ્રતીક્ષા દબાવી,
વિયોગ-યોગની વિભાવના રહી.
મારા હોવાપણામાં તું રજરજ,
ખુદનાં પડછાયામાં હું ખુદ મળી.
હૈયે ધરપત આપ દો છો પણ,
પીપળા સન્મુખ હું ઊભી રહી.
દીઠો મેં ઘર ઘર દુંદાળો દીઠો,
જાસુંદ ચૂંટવા જીવતર ભરાઈ.
તું ત્વચા ફાડી અવતેરજે હવે,
તું ક્યાં નથી ? પ્રશ્નનો ઉત્તર બની.
ચમકતા હતા જેના ભાગ્ય-તારા,
ધીમે ધીમે શ્રદ્ધા શ્વાસ લેતી થઈ.
આંખોમાં નવા તેજ સમાયા એથી,
મળ્યા મોતી અમૂલાં શીશ નમાવી.

બીજલ જગડ,મુંબઈ ઘાટકોપર

---

**NOG SS No : 102**

શ્રાદ્ધની સમજ??

આ સૃષ્ટી એટલે કે પૂરા બ્રહ્માંડને?? ૧૨ ?? રાશિથી બાંધ્યું છે. તેમાં ??મેષ રાશિને સમગ્ર ??વિશ્વનું પ્રવેશદ્વાર માનવામાં આવે છે અને તેજ પ્રમાણે ???મીન રાશિ મોક્ષનું દ્વાર માનવામાં આવે છે.

આ ??મીન રાશિ ??બ્રહ્મલોક કે ??દેવલોક સાથે જોડાયેલી છે જ્યારે ??કન્યા રાશિ ??પિતૃલોક કે ?ચંદ્રલોક સાથે જોડાયેલી છે

હવે ખગોળ શાસ્ત્રના આધારે ૧૫ જુલાઈ પછી?? સૂર્યદેવતાની દક્ષિણયાત્રાની શરૂઆત થાય છે જેને આપણે દક્ષિણાયણના સૂર્ય કહીયે છીએ.

આ ??દક્ષિણાયનના સૂર્ય ધીમે ધીમે ??કન્યા રાશિ અને ?તુલા રાશિ તરફ જાય છે અને ત્યાં ??પિતૃલોકને જગાડે છે.

આ દક્ષિણાયનના સૂર્યની યાત્રા ??૧૫ સપ્ટેમ્બર પછી કન્યા રાશિમાં પ્રવેશે છે ??ત્યારે પાતાળલોકમાં રહેલા પ્રેતયોનીને જાગ્રત કરે છે

હવે સમજવાની વાત એ છે કે સંસારમાં ??મૃત આત્માની ગતિ ??બે રીતની હોય છે.

જેઓ?? સંતકક્ષાના અને પુણ્યશાળી જીવો હોય તેઓ મરણ બાદ દેવયાન ??તરફ ગતિ કરે છે અને ???અતૃપ્ત આત્મા પ્રેતયાન તરફ ગતિ કરે છે. ??દેવયાનનો સીધો સંબંધ ??સૂર્ય સાથે હોય છે અને પ્રેતયાનનો સબંધ ??ચંદ્ર સાથે હોય છે ચંદ્ર સૂક્ષ્મ ??જગતને સંભાળે છે અને તેથી ચંદ્રલોકને ??પિતૃલોક પણ કહેવાય છે.

શાસ્ત્રમાં વર્ણવ્યા મુજબ ??ચંદ્રની ૧૬ કળા છે આ ૧૬ કળા આપણા ??હિન્દૂ પંચાગની ૧૬ તીથી સાથે જોડાયેલી છે ?પુનમથી ?અમાસ ૧૬ તીથી હોય છે તેમ સુદ અને વદ ની તમામ તીથી રિપીટ થાય છે.

આમ મૃત્યુ પછી આત્મા જે તિથિએ મરણ પામે તે મુજબ ??ચંદ્રની કળામાં સ્થાન પામે છે. ??એકમનું મરણ થયું હોય તે પહેલી કળામાં તે મુજબ જે પણ તિથિએ મરણ પામે તે ચંદ્રની કળા માં સ્થાન પામે છે.

જ્યારે?? સૂર્ય કન્યા રાશિમાં આવે છે ત્યારે ?ભાદરવા સુદ પૂનમ આવી જાય છે અને તે ચંદ્રલોકમાં ??પિતૃઓને જગાડે છે. તે સમયે ચંદ્રની ૧૫મી કળાના દ્વાર ઉઘડી જાય છે અને તેમાં રહેલા. ??પિતૃ પૃથ્વી પરના તેમના સંબંધીને ત્યાં જઈ શકે તેવી ??વ્યવસ્થા છે. આમ પુનમથી પછી દરેક કળાના દ્વાર ખુલતા જાય છે અને તેમાં વસતા પિતૃઓ પોતપોતાના ઘરે?? આવવા ?શક્તિમાન બને છે. ચંદ્રનું આધિપત્ય દૂધ અને ખીરનું રહેલું હોવાથી શ્રાદ્ધ પક્ષમાં??? દૂધપાક કે ખીરનું મહત્વ વિશેષ છે.

આમ દરેક પિતૃ તેમના નજીકના સ્વજન પુત્ર કે પૌત્રના ઘરે આવે છે અને શ્રાદ્ધ પામી સંતૃપ્ત થાય છે અને ??આશીર્વાદ આપતા જાય છે જે પરિવાર કુટુંબની ઉન્નતિ કરે છે. ??જે પિતૃનું શ્રાદ્ધ કરવામાં નથી આવતું તે અતૃપ્ત ??અવસ્થામાં પાછા જાય છે અને મનોમન ઉદાસ બની જાય છે તેનું વિપરીત પરિણામ કુટુંબને ભોગવવું પડતું હોય છે.??

આ અતૃપ્ત પિતૃ ફરી એકવાર અમાવસયાને દિવસે અચૂક પાછા પોતાના સ્વજનના ઘરે આવે છે જેથી તેને આપણે સર્વપિતૃ અમાવાસ્યા કહીયે છીએ. આ દિવસે ભૂલ્યાચૂક્યાં દરેક પિતૃનું શ્રાદ્ધ મહિમા ઘણો છે અને તે અનાયાસે બાકી રહેલા પિતૃઓને સંતૃપ્ત કરવાનો મોકો મળે છે.

આથી દરેક પરિવારે શ્રાદ્ધ કરવું જ જોઈએ તે દિવસે ??બ્રાહ્મણ, ??બહેન?? દીકરી અને ??ભાણેજોને જમાડી શક્તિમુજબ દક્ષિણા આપવાથી અને કાગવાસ નાખવાથી પિતૃને પહોંચે છે આ હકીકત શાસ્ત્ર આધારિત છે અને સૌ જન આમાં શ્રધ્ધા રાખી કરે તે માટે તેને શ્રાદ્ધ નામ આપવામાં આવ્યું છે. શક્ય છે કે આજ ના દિવસો માં ઉપરોક્ત જ્ઞાન જો હોય તો કદાચ શ્રાદ્ધ ની પ્રવૃત્તિ નું માહાત્મ્ય ખબર પડે??.

રતિભાઈ વાયડા.મુંબઈ

---

**NOG SS No : 105**

પ્રકાર : ગદ્ય

શિર્ષક : આજનું બાળક રેસનો ઘોડો

આજનું બાળક કે રેસનો ઘોડો

આજનું બળક જન્મ લે એ પહેલાં જ માતા-પિતા એના માટે અનેક સપનાઓ સજાવી લે છે. આ વસ્તુ સહજ છે. એ દુનિયામાં આવે એ સાથે જ એના અલગ અલગ સ્ટાઇલમાં ફોટા પાડવા , એની દરેક હિલચાલની વિડીયો ઉતારવી વગેરે કરી એને ઓનલાઈન ચમકતું રાખે. આ શું થઈ રહ્યું છે એની બાળકને કશી ગતાગમ ના પડતી હોય. પણ માતા-પિતાનો ઉત્સાહ જ બહુ ભારી હોય છે. ઘણા વ્લોગર બાળકની આખા દિવસની દિનચર્યા ઓનલાઈન મૂકે અને એમાંથી પૈસા કમાય. જાણે બાળક પૈસા કમાવવાનું સાધન હોય.

બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેને સારામાં સારા પ્લે ગૃપ , નર્સરીમાં મૂકવાનું ,સારામાં સારી સ્કૂલમાં એડમિશન લેવું. આ બધી વસ્તુની જાણે હરોળ લાગી હોય.જે સ્કૂલની ફીસ વધારે એ સ્કૂલ સારી જાણે કે એક સ્ટેટસ હોય એ રીતે મા-બાપ લાખો રૂપિયા એડમિશન માટે પણ ખર્ચી કાઢે. આપણે કોલેજ સુધી ભણ્યા તો જેટલો ખર્ચો ના થયો હોય એટલો એના સ્કૂલના છ મહિનાનો ખર્ચો હોય.

થોડો મોટો થાય એટલે એને ભણવા સાથે સાથે અલગ અલગ ક્લાસીસ કરાવવાના. કોઈનું છોકરું ક્લાસ કરે તો આપણું કેમ પાછળ રહી જાય એમ વિચારી એને આખો દિવસ આ બધી પ્રવૃત્તિમાં બીઝી રાખે. એને રમવાનો પણ સમય ના મળે. વેકેશન પણ માણવા નહીં દેવાનું. અલગ અલગ ક્લાસમાં એનું એડમિશન લઈ લેવાનું. સ્કૂલમાં વપરાતા કંપાસ બોક્સ , ટીફીન બોક્સ , સ્કૂલ બેગ પણ મોંઘી લેવાની. મારું છોકરું બધાથી અલગ તરી આવવું જોઈએ એવું જાણે સ્ટેટસ સિમ્બોલ. ૧૦ માં આવે એટલે સારા ટકા મેળવવા એને આખું વર્ષ દબાણ કરવાનું. નહીં તો મા - બાપને નીચું જોવા જેવું થાય. કઈ લાઈન લેવી એ પણ મા - બાપ નક્કી કરે. પૈસા ગમે તેટલા ખર્ચી જાણે પણ છોકરાઓએ પેરેન્ટ્સની મરજી પ્રમાણે જ બનવાનું એવું દબાણ. મા-બાપની દેખાદેખીમાં છોકરાઓની નિર્દોષતા ચાલી જાય છે. એ પોતાના મનથી જીવી નથી શકતો. રેસના ઘોડાની જેમ તમે એને દોડાવ્યા કરો અને એને દોડવાનું. શું કામ સરખામણી કરી એનું પોતાનું વ્યક્તિત્વ ઢાંકી દેવાનું.બીજા કોઈના છોકરાએ આમ કર્યું એટલે તારે કરવાનું જ .

આમાં એ પોતાનું વ્યક્તિત્વ નિખારી નથી શકતો . આજનો બાળક સમજું છે . એને શું કરવું એને નક્કી કરવા દો. હા સમજણ આપવાની પણ જડતા પૂર્વક પોતાનો અભિપ્રાય થોપી ના બેસાડો.

તમારે એના માલિક નહીં પણ મિત્ર બની એનો સાથ આપવો જોઈએ. આજના માતા-પિતા પોતાના બાળક પાછળ કેટલાય ખોટા ખર્ચા કરી નાખે છે. આના કરતાં જરૂર હોય એ ખર્ચા કરી કોઈ ગરીબના બાળકને વધારાના પૈસાથી ભણાવવો જોઈએ.

બીજાની સરખામણી કરવા ખાતર શું કામ ખોટા ખર્ચા કરવાના ? આજના માતા-પિતા સમજણપૂર્વક વર્તન કરી બાળકને રેસનો ઘોડો નહીં પણ સમાજની સમજદાર વ્યક્તિ બનાવશો તો સમાજને સારા નાગરિકો મળશે.

અલ્પા રાજેશ શાહ . ગામ - ઊંડણી,મલાડ - મુંબઈ

## ગુજરાતમાં ઘૂસી ગયેલા ૧૨ પાકિસ્તાની માછીમારો ઝડપાયા

નવી દિલ્હી ,તા.૧૬

ભારે વરસાદી માહોલ વચ્ચે કોસ્ટગાર્ડની શીપ પેટ્રોલિંગ કરી રહી હતી. જેના કારણે દરિયામાં પણ એક કરંટ જોવા મળ્યો હતો. કોસ્ટગાર્ડે માછીમારોને શરણે થઈ જવા માટે સૂચના આપી દીધી હતી. આ તમામ પાકિસ્તાની ખલાસીઓની ઉંમર ૨૦થી ૩૦ વચ્ચેની છે. બોટમાંથી કોઈ વાંધાજનક વસ્તુઓ મળી નથી. આ બોટ શા માટે ભારતીય જળસીમા સુધી આવી હતી એ અંગે હજું સુધી કોઈ સચોટ વિગત સામે આવી નથી. આ બોટને પગલે કોસ્ટગાર્ડે સુરક્ષાના કારણોસર પેટ્રોલિંગ વધારી દીધું છે. ખાસ કરીને ભારતીય જળસીમા જ્યાંથી શરૂ થાય છે ત્યાં સુધી રાઉન્ડ ટુ રાઉન્ડ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ઓખાનો દરિયાઈ વિસ્તાર કાયમી ધોરણે ઘુસણખોરીની પ્રવૃતિઓ માટે સતત સંવેદનશીલ રહ્યો છે. જ્યાંથી આંતરરાષ્ટ્રીય જળસીમા સૌથી નજીક છે. જોકે, હાલમાં મળી આવેલી બોટમાં કોઈ શંકાસ્પદ વસ્તુઓ પ્રાપ્ત થઈ નથી. તો પછી બોટ અહીં સુધી શા માટે આવી રહી હતી એ અંગે એજન્સીઓ તપાસ કરી રહી છે. ભારતીય કોસ્ટગાર્ડે અરબી સમુદ્રમાંથી ૧૨ ખલાસીઓ સાથે એક પાકિસ્તાનની બોટ ઝડપી પાડી છે. બોટ સહિત તમામ પાકિસ્તાની ખલાસીઓને ઓખા બંદરે લાવવામાં આવ્યા હતા. જ્યાં હવે તમામ સુરક્ષા એજન્સીઓ એમની પૂછપરછ કરીને તપાસ શરૂ કરશે. ગુજરાત કોસ્ટ ગાર્ડે પોતાના એક ખાસ પેટ્રોલિંગ દરમિયાન અરબી સમુદ્રમાં ભારતી જળસીમામાં ૧૨ ખલાસીઓ સાથેની બોટ પકડી પાડી હતી. કોસ્ટગાર્ડે પકડેલી આ બોટની તપાસ કરીને પછી ઓખા બંદરે લઈ જવામાં આવી હતી. કોસ્ટગાર્ડ તથા મરીન પોલીસે આ અંગે તપાસ તથા પૂછપરછ શરૂ કરી દીધી છે. જોકે, આ તમામ ખલાસીઓ માછીમારી કરતા હતા ત્યારે ભારતીય જળસીમામાં ઘુસી ગયા હતા. એમની પાસેથી ખાસ કોઈ શંકાસ્પદ વસ્તુઓ મળી નથી. ભારતીય કોસ્ટગાર્ડની શીપ રાજરત્ન જ્યારે પેટ્રોલિંગમાં હતી ત્યારે અલ્લાહ પાવક્કલ નામની એક બોટ ભારતીય જળસીમામાં જોવા મળી હતી. કોસ્ટગાર્ડે તપાસ કરતા આ તમામ પાકિસ્તાનના હોવાનું જાણવા મળ્યું હતું. જેઓ માછીમારી કરવા માટે આવ્યા હોવાનું જણાવ્યું હતું. ઓખા બંદરે જુદી જુદી એજન્સીઓએ આ તમામની પૂછપરછ શરૂ કરી દીધી છે. પૂછપરછ બાદ સમગ્ર હવાલો મરીન પોલીસને સોંપવામાં આવશે. પાકિસ્તાની બોટ પકડાઈ હોવાના વાવડ ઓખા પોર્ટ પર વાયુ વેગે ફેલાતા મોટી સંખ્યામાં માછીમારો દોડી આવ્યા હતા.

## નવા મંત્રીમંડળમાં સુરત અને મજૂરાના મંત્રી તરીકે નિયુક્તી થતા ઉજવણીનો માહોલ

સુરત, તા.૧૬

ગુજરાત રાજકારણમાં નો રિપીટ થિયરી લાવતા તમામ જુના મંત્રીઓની હકાલપટ્ટી કરી નવા ચહેરા ભાજપમાં આવતા આ વખતે કતારગામ અને મજૂરા વિધાનસભા વિસ્તારમાં ઉજવણીનો માહોલ શરૂ થઈ ગયો છે. મંત્રીમંડળમાં સમાવેશ થતાની સાથે જ હસ ઉલ્લાસનો માહોલ જોવા મળી રહ્યો છે. ગુજરાતના રાજકારણમાં ધરખમ ફેરફારો થવા જઈ રહ્યા છે. ત્યારે નવા મંત્રીમંડળનો શપથગ્રહણ યોજાશે. એ પૂર્વે સુરતના મજૂરા વિધાનસભાના ધારાસભ્ય હર્ષ સંઘવી અને કતારગામ બેઠકના ધારાસભ્ય વિનુ મોરડીયાનો પ્રધાનમંડળમાં સમાવેશ કરવામાં આવ્યાની વાતથી પરિવાર અને કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. હર્ષભાઈ મંત્રી બનવા જઈ રહ્યા છે, ત્યારે તમામ પરિવારના લોકો એકત્રિત થઈ ગયા હતા. તેમના સમર્થકો પણ ધીરે ધીરે તેમના ઘરે આવવાના શરૂ થયા છે. સી આર પાટીલનો ફોન સંઘવી પર જતાની સાથે જ હર્ષ સંઘવી મંત્રીમંડળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે, તે વાતની સ્પષ્ટતા થઈ ગઈ હતી. ત્યારબાદ સંઘ દ્વારા તેના પરિવારજનોને આ ખુશીના સમાચાર પહોંચાડવામાં આવ્યા હતા.કતારગામ વિધાનસભા બેઠકના ધારાસભ્ય વિનુ મોરડીયા મંત્રીમંડળમાં પસંદગી થતાં પરિવારજનો અને સમર્થકોમાં ઉત્સાહનો માહોલ મીઠાઇ વેચીને આનંદની લાગણી વ્યક્ત કરીપરિવારજનો અને મિત્રો દ્વારા ઘરમાં મીઠાઇ વેચીને આનંદ ની લાગણી વ્યક્ત કરી. પરિવારજનો અને સમર્થ કે ઘરમાં જ ગરબો શરૂ કરી દીધો હતો. ચારે તરફ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. કાર્યકર્તાઓ પણ હર્ષ સંઘવીને મંત્રીમંડળમાં સ્થાન મળતાની સાથે સોશિયલ મીડિયા ઉપર અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા ઉપર સંઘવીની પસંદગીના શુભેચ્છા સંદેશાઓ વહેતા થયા છે.

## કયુબાએ તબક્કાવાર ૨ થી ૧૧ સુધીના બાળકોને કોરોના વેક્સિન આપીને ઈતિહાસ સર્જયો

હવાના , તા.૧૬

કોરોના મહામારી દરમિયાન બાળકોની વેક્સિનનું સંશોધન ચાલતું હતું. કયુબામાં અબ્દલા અને સોરાન નામના બે કોરોના વેક્સિન લગાવવામાં આવી રહી છે જે ઘર આંગણે જ વિકસિત કરવામાં આવી છે. અગાઉ ૧૨ વર્ષના બાળકને કોરોના વેક્સિન આપવાનો પ્રયોગ થઇ ચુકયો છે જો કે કયુબાના કલિનિકલ ટ્રાયલને વિશ્વ આરોગ્ય સંસ્થાએ માન્યતા આપી નથી. દુનિયાના કેટલાક દેશોમાં ૧૨ કે તેનાથી વધુ ઉંમરના બાળકોને વેક્સિન આપવામાં આવી રહયું છે પરંતુ તેનાથી નાની ઉંમરના માટે વેક્સિન ઉપલબ્ધ ન હતી.

હવે કયુબાએ તબક્કાવાર ૨ થી ૧૧ સુધીના બાળકોને કોરોના વેક્સિન આપીને ઈતિહાસ સર્જયો છે.યુવાનો અને વયસ્કો માટે કોરોના વેક્સિન અભિયાન સમગ્ર દુનિયામાં ચાલે છે. કોરોના સંક્રમણનો ભોગ બાળકો પણ બની રહયા હોવાથી ચિલ્ડ્રન વેકસિનના સંશોધન પ્રયોગો ઝડપી બન્યા છે.

અમેરિકા, રશિયા અને ચીન વચ્ચે કલિનિકલ ટ્રાયલ માટેની હરિફાઇ ચાલે છે ત્યારે કયુબા બાળકો માટેની વેકિસનના કલિનિકલ ટ્રાયલ અંર્તગત કયુબા બે વર્ષના બાળકને વેક્સિન આપનારો દુનિયાનો પ્રથમ દેશ બન્યો છે. કયુબા પોતાના આગવા શોધ અને સંશોધનો માટે જાણીતો છે. શીતયુધ્ધના ગાળામાં અને તે પછી અમેરિકાના આર્થિક પ્રતિબંધો સામે પણ કયુબા દેશ ટકી ગયો હતો.

## ગાંધીનગરમાં રાત્રિ પાયલોટ પ્રોજેક્ટ વધુ વિસ્તારોમાં શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં વર્ગીકૃત કચરો જ લેવાની જાહેરાત થતાં છેલ્લા ઘણા દિવસોથી નગરજનો અને કોર્પોરેશન તંત્ર આમને સામને આવી ગયા છે. કચરાનો કકળાટ એટલે સુધી પહોંચી ગયો છે કે પૂર્વ મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી સૂકો ભીનો કચરો રાખવા માટેની ડોલો માંગવામાં આવી હતી. જોકે, સરકાર સુધી ઘા નાખ્યાં પછી પણ હજી સુધી નગરજનોની માંગ સ્વીકારાઈ નથી.ગાંધીનગર મ્યુનિસિપલ કમિશ્નર ડૉ. ધવલ પટેલ દ્વારા આ પાયલોટ પ્રોજેક્ટને વધુ વેગવંતો કરવાની દિશામાં કવાયત શરૂ કરવામાં આવનાર છે. કોર્પોરેશનના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું હતું કે, ગાંધીનગરનાં કોમર્શિયલ તેમજ શાક માર્કેટ વિસ્તારમાં સવારથી ભીડ ભાડ રહેતી હોવાથી યોગ્ય રીતે સફાઈ થઈ શકતી ન હતી. જેથી કરીને ભૌગોલિક સર્વે કરાયો હતો. જે અંતર્ગત સેક્ટર - ૨૧, ઈન્ફોસિટી, સેક્ટર - ૭, સેક્ટર - ૨૮ ગાર્ડન વિસ્તાર, અપના બજાર, કોમર્શિયલ કોમ્પ્લેક્સ મળી સાત જંકશન નક્કી કરી રાત્રિ દરમિયાન પણ સફાઈ કરી કચરો ઉપાડવાનો પાયલોટ પ્રોજેક્ટ તરતો મૂકવામાં આવ્યો હતો. જેનાં માટે રાત્રીના સમયે ૩૦ જેટલા કામદારો દ્વારા નાઈટ શિફ્ટમાં નક્કી કરેલા જંકશનો પરથી સાફ સફાઈ તેમજ કચરો એકઠો કરવામાં આવી રહ્યો છે. આ કચરો ભરવા માટે પાંચ જેટલા વાહનો પણ રાત્રિ દરમિયાન દોડતા કરવામાં આવ્યાં છે. એટલે કે દિવસ દરમિયાન સફાઈની સાથે રાત્રે પણ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સફાઈ કરવામાં આવી રહી છે. જેમાં સેકટર - ૨૧ વિસ્તારમાંથી સૌથી વધુ કચરો એકઠો થઈ રહ્યો છે. કોર્પોરેશન દ્વારા રાત્રિ દરમિયાન પણ કરવામાં આવતી સફાઈના કારણે વહેલી સવારે ઉક્ત જંકશન સાફ સુથરા જોવા મળતા હોય છે. પરંતુ નાગરિકો સફાઈની અવગણના કરી ફરી આડેધડ કચરો નાખીને રાત્રિના સમયે કામદારો દ્વારા કરવામાં આવતી મહેનત પર પાણી ફેરવી દેવામાં આવતું હોય છે.

આ સમસ્યા વચ્ચે પણ રાત્રિ પાયલોટ પ્રોજેક્ટનો વ્યાપ વધારવામાં આવશે. જેનાં આગામી દિવસોમાં વધુ કોર્પોરેશન વિસ્તારમાં વધુ જંકશન માટે સર્વે કરીને ત્યાં પણ રાત્રિ સફાઈ શરૂ કરી દેવામાં આવશે તેમ વધુમાં સૂત્રોએ ઉમેર્યું હતું .ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરજનો વચ્ચે કચરાની મડાગાંઠ સર્જાઈ છે, ત્યારે શહેરમાંથી રાત્રિ દરમિયાન પણ કચરો એકઠો કરવા માટે સાત મહત્વના જંકશન પર શરૂ કરાયેલા પાયલોટ પ્રોજેક્ટને સારો એવો પ્રતિસાદ સાંપડતા આગામી દિવસોમાં સર્વે કરીને વધુ જંકશન નક્કી કરી રાત્રિ દરમિયાન પણ શહેરને કચરા મુકત કરવા કોર્પોરેશન દ્વારા કવાયત શરૂ કરવામાં આવશે.

## ૧૫ સપ્ટે.ની ડેડલાઈન પૂર્ણ છતાં ઈન્ફોસિસે આઈટીની વેબસાઈટની ખામીઓ યથાવત

નવી દિલ્હી , તા.૧૬

૨૩ ઓગસ્ટના રોજ નાણા મંત્રાલયે ઈન્ફોસિસના સીઈઓ સલિલ પારેખને સમન્સ પાઠવીને નાણા પ્રધાન નિર્મલા સિતારમનને મળવા માટે બોલાવ્યા હતાં. નાણા પ્રધાન સાથેની બેઠક પછી ઈન્ફોસિસને વેબસાઈટની તમામ ખામીઓ દૂર કરવા માટે ૧૫ સપ્ટેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો હતો.સરકારે ઈન્ફોસિસને આપેલ ૧૫ સપ્ટેમ્બરની ડેડલાઈન પૂર્ણ થઈ ગઈ હોવા છતાં કરદાતાઓને આવકવેરા વિભાગની નવી વેબસાઈટમાં પડી રહેલી મુશ્કેલીઓ સંપૂર્ણપણે દૂર થઈ નથી. આ વેબસાઈટનો વારેવાર ઉપયોગ કરનારા ટેક્સ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર વેબસાઈટમાં હજુ પણ કેટલાક કામોમાં મુશ્કેલીઓનો સાંમનો કરવો પડી રહ્યો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર નવી વેબસાઈટ લોન્ચ થયાના ત્રણ મહિના થઈ ગયા હોવા છતાં હજુ પણ ફાઈલ થયેલા રિટર્ન માટે રેક્ટિફિકેશન સબમીટ થતા નથી. રિફંડ સ્ટેટસ ચેક થઈ શક્તું નથી. આ ઉપરાંત રિફંડ રિઈશ્યુ રિક્વેસ્ટ ફાઈલ થઈ શક્તી નથી. આ ઉપરાંત આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ પહેલાના ફાઈલ થયેલા આઈટીઆર જોઈ શકાતા નથી. ઉલ્લેખનીય છે કે નવી વેબસાઈટ સાત જૂને લોન્ચ કરવામાં આવી હતી. લોન્ચ થયાના પ્રથમ દિવસથી જ કરદાતાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૦૧૯માં ઈન્ફોસિસને આવકવેરા વિભાગની નવી વેબસાઈટ લોન્ચ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

## અમદાવાદ એરપોર્ટ પર રન-વે રહેશે બંધ

અમદાવાદ ,તા.૧૬

અમદાવાદ શહેરમાં ઈન્ટરનેશનલ કક્ષાનું એરપોર્ટ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ તો બની ગયું છે પરંતુ તેના રનવેની ગુણવત્તા સામે અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે. મળી રહેલી માહિતી અનુસાર, અમદાવાદ એરપોર્ટનો ૩.૬ કિલોમીટરનો રન-વે ફરી બનાવાશે. આ રન-વે ફરી બનાવવાનો હોવાના કારણે તેને બંધ રાખવામાં આવેલ છે, જેના કારણે ૭૦ ફ્લાઈટનાં સમયમાં ફેરફાર કરવામા આવશે. ઘણી ફ્લાઈટ્સ છે કે જેમનો સમય સવારનો રાખવામાં આવશે ત્યારે ઘણી એવી ફ્લાઈટ્સ છે કે જેમનો સમય સાંજનો રાખવામાં આવશે.

## પ્રધાનમંત્રી ૭૧ મી વર્ષગાંઠ નિમિત્તે ભરૂચ થી ૭૧ યુવાનો દ્વારા રન ફોર યુનિટી ને અનુલક્ષીને “NAMO THON” યોજાઈ

ભરૂચ ,તા.૧૬

ભરૂચ ભાજપા ના જિલ્લા પ્રભારી જનકભાઈ બગદાણા એ યુવાનોને લીલી ઝંડી બતાવી “NAMO THON” ને પ્રસ્થાન કરાવ્યું હતું. મેરેથોન ને પ્રસ્થાન કરાવતા પૂર્વે ભરૂચ જિલ્લા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, જીલ્લા પંચાયત ના બાંધકામ સમિતિના ચેરમેન ધર્મેશભાઈ મિસ્ત્રી, નગરપાલિકાના પ્રમુખ અમીતભાઈ ચાવડા, જિલ્લા ઉપપ્રમુખ દિવ્યેશભાઈ પટેલ, નીરલભાઈ પટેલ, જીગ્નેશભાઈ મિસ્ત્રી, મંત્રી નિશાંતભાઈ મોદી, સામાજીક આગેવાન ધનજીભાઈ પરમાર સહિતના આગેવાનોએ મોટી સંખ્યામાં હાજરી આપી બાબાસાહેબ આંબેડકરના પૂતળાની ફુલહાર વિધી કર્યા બાદ “ભારત માતા કી જય” અને “વંદે માતરમ” ના નારા સાથે યુવાનોને પ્રસ્થાન કરાવ્યું હતું આજે સવારે નીકળેલ ૭૧ યુવાનોનું ઝઘડિયા ખાતે ભવ્ય સ્વાગત કરાયું ત્યારબાદ ઉમલ્લા ખાતે મધ્યાન ભોજન લઈ અને નર્મદા જિલ્લાના ધારીખેડા સુગર ખાતે રાત્રી રોકાણ કરશે, અને ત્યાંથી તારીખ ૧૭મીના રોજ વહેલી સવારે નીકળી હરસિધ્ધિ માતાના મંદિરે દર્શન કરી અને “સ્ટેચ્યુ ઓફ યુનિટી” જવા રવાના થશે. જ્યાં તેઓની “રન ફોર યુનિટી” ને અનુલક્ષીને નીકળેલ “NAMO THON” ની પુર્ણાહુતી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરી થશે.દેશના પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્ર ભાઈ મોદી ની ૭૧ મી વર્ષગાંઠ સંદર્ભે ભરૂચના રેલવે સ્ટેશન ખાતે આવેલ ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના પૂતળા ના સાનિધ્યમાંથી આજરોજ “NAMO THON” નું આયોજન ભરૂચ જિલ્લા ભારતીય જનતાપાર્ટી દ્વારા કરવામાં આવ્યું. ભરૂચ જિલ્લાની ભરૂચ રનર્સ કલબ તેમજ હરક્યુલસ જીમના ૭૧ યુવાનો એ આ રન ફોર યુનિટીના કાર્યક્રમ હેઠળ ભાગ લીધો. ભરૂચ થી નીકળી આ ૭૧ દોડવીરો કેવડિયા માં આવેલ એકતાના પ્રતિક એવા સરદાર વલ્લભભાઈ પટેલ ના પ્રતીક વિશ્વના સૌથી ઉંચા એવા “સ્ટેચ્યુ ઓફ યુનિટી” સુધી દોડીને તારીખ ૧૭મીના રોજ પહોંચી પ્રધાનમંત્રીના જન્મદિવસ ની ભેટ અર્પણ કરશે.

## ઉપલેટાના ખેડુતોને ચોમાસુ પાક નિષ્ફળ થવાની ભીતિ

રાજકોટ, તા.૧૬

ઉપલેટા પંથકમાં છેલ્લા બે વર્ષથી ખેડૂતોને ભારે વરસાદ અને પૂરને કારણે નુકશાની વેઠવાનો વારો આવી રહ્યો છે ત્યારે સરકાર દ્વારા જે સહાય ચૂકવવામાં આવે છે તે સહાય ખેડૂતોને આર્થિક ઉગારતિ નથી તેથી સર્વે કરાવીને વહેલી તકે વળતર ચૂકવવા માટે માંગ પણ ખેડૂતો કરી રહ્યા છે અને સરકાર દ્વારા નુકશાનના સાચા આંકડાઓ જણાવીને ખેડૂતોને પૂરતું અને સંતોષકારક સહાય ચૂકવવા જગતના તાત ખેડૂતો સરકાર પાસે અપેક્ષા રાખતા માલૂમ પડી રહ્યા છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં પડેલા ધોધમાર વરસાદથી ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોના ખેતરોમાં ભારે નુકશાની દ્રશ્યો સામે આવ્યા છે ત્યારે વધુ વરસાદના પગલે ખેડૂતોનો ચોમાસુ પાક પણ સંપૂર્ણ નિષ્ફળ થવાની ભીતિએ રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે અને ખેડૂતોને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતોએ કરેલા ચોમાસુ પાકના વાવેતર બાદ છેલ્લા એક સપ્તાહમાં પડેલા વરસાદ પગલે ખેતરમાં ઉભા મોલ જોતા નુકશાની થવાની ભીતિ સેવાઈ રહી છે. ઉપલેટા પંથકમાં સોમ અને મંગળવાર એમ કુલ ૨ દિવસથી ધોધમાર વરસાદ પડતાં અહીંના જળાશયોમાં આવેલ પાણીની આવકથી ડેમ ઓવરફ્લો થતાં ડેમના દરવાજા ખોલતા ઉપલેટા તાલુકામા આવેલ મોજ, વેણુ અને ભાદર નદીમાં આવેલ ઘોડાપૂરથી ગ્રામ્ય વિસ્તારોમાં રહેલા ખેડૂતોના ખેતરમાં ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ઉપલેટા પંથકમાં વરસાદ આવ્યો તો ખરા પણ એવો વરસાદ આવ્યો કે હાલ વરસાદ વરસ્યા બાદ ખેડુતના આંખોમાંથી આંસુઓ પણ વહી રહ્યા છે કારણકે મોંઘા બિયારણ, ખાતર, દવાઓ અને મજૂરી ચૂકવી અને તૈયાર થવા આવેલ મોલ જાણે છીનવાઈ ગયો હોય તેમ વરસાદ થંભી ગયા બાદ ખેડૂતો જ્યારે ખેતરે પહોંચ્યા ત્યારે મહામુલો ચોમાસુ પણ સંપૂર્ણ નિષ્ફળ જતા ખેડૂતોને રાતે પાણીએ રોવાનો વારો આવ્યો છે.

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસની ઉજવણી એ આપણા માટે આનંદ-ઉલ્લાસ અને ગૌરવની ક્ષણ - શ્રી અનિલભાઈ પટેલ**

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના કાર્યક્રમોના સંદર્ભમાં ગાંધીનગર જિલ્લા ભાજપા કાર્યાલય 'કમલમ' ખાતે અપેક્ષિત કાર્યકર્તાઓની બેઠક યોજાઇ

ગાંધીનગર જિલ્લા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ૧૫ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલની અધ્યક્ષતામાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસની ઉજવણીના કાર્યક્રમોના સંદર્ભમાં ગાંધીનગર જિલ્લા ભાજપા કાર્યાલય 'કમલમ' ખાતે અપેક્ષિત કાર્યકર્તાઓની બેઠક યોજાઇ ગઇ હતી.

જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી અનિલભાઈ પટેલે આ બેઠકને માર્ગદર્શિત કરતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના ઉપલક્ષ્યમાં તારીખ ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓકટોબર દરમિયાન સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાવા જઈ રહ્યા છે. જેમાં પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન પાઠવતા પોસ્ટકાર્ડ રાષ્ટ્રનિર્માણ સંકલ્પ, વિવિધ સેવા કાર્યો, પર્યાવરણ નું જતન અને પ્લાસ્ટિક મુક્ત નદી તળાવ, વૃક્ષારોપણ, રકતદાન અને ચિકિત્સા શિબિર, રસીકરણ ઝુંબેશ, જરૂરિયાતમંદ દર્દીઓને તથા વિધવા બહેનોને સહાય, સુંદરકાંડ પાઠ અને રામકથા, વૃદ્ધાશ્રમમાં ફળફળાદી વિતરણ, દિવ્યાંગોને સહાયતા, ગરીબોને રાશન કીટનું વિતરણ દ્વારા સેવા અને સમર્પણ અભિયાનને વેગવંતુ

## જનનાયક પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારત આજે સમગ્ર વિશ્વમાં વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર થઈ રહ્યું છે. - શ્રી અનિલભાઈ પટેલ

બનાવવા માટેના અસરકારક પ્રયાસો કરવામાં આવશે.

શ્રી પટેલે કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના બાલ્યકાળથી શરૂ કરીને સમગ્ર રાજકીય સફર એ તમામ નાગરિકો માટે એક પ્રેરણાદાયી બની રહે તે માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન કવન આધારિત માહિતીસભર પ્રદર્શની યોજવામાં આવશે. આ ઉપરાંત ૨૫ સપ્ટેમ્બરના રોજ પંડિત દિન દયાલ ઉપાધ્યાયજીની જન્મ જયંતી અને ૨ ઓક્ટોબર ગાંધી જયંતીના ઉપલક્ષ્યમાં વિવિધ સેવા કાર્યો વ્યાપકપણે યોજવામાં આવશે.

શ્રી પટેલે આ બેઠકમાં ઉપસ્થિત જુદા જુદા કાર્યક્રમોના ઇન્ચાર્જશ્રીઓને કહ્યું હતું કે જનનાયક પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત આજે સમગ્ર વિશ્વમાં વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર થઈ રહ્યું છે. તેમના જન્મદિવસની ઉજવણી એ આપણા માટે આનંદ-ઉલ્લાસ અને ગૌરવની ક્ષણ છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા ×સર્વજન સુખાય સર્વજન હિતાય×ના ધ્યેયમંત્ર સાથે રાષ્ટ્ર સેવા અને રાષ્ટ્રની ઉન્નતિ માટે નિરંતર અને સાતત્યપૂર્ણ પ્રયાસો કરી રહ્યાં છે. આ કાર્યક્રમો કે તેમના જન્મદિવસની ઉજવણી માત્ર જ નહીં પરંતુ સર્વે નાગરિકોના હિત અને કલ્યાણ માટેનું માધ્યમ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદરેલા દેશસેવા અને જનકલ્યાણના ભગીરથ કાર્યમાં આપણે સૌ ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઓકટોબર દરમિયાન એકનિષ્ઠ અને સંનિષ્ઠ પ્રયાસો થકી ભાજપાના મૂલ્યો અને વિચારધારાને ચરિતાર્થ કરીએ અને સમાજના ગરીબો અને વંચિતોના વર્ગને વધુમાં વધુ સહાયભૂત બનવા પ્રયત્ન કરીએ.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા ભાજપા મહામંત્રી સર્વેશ્રીઓ શ્રી રમણભાઈ દેસાઈ, શ્રી રાજુભાઇ પટેલ, શ્રી રમેશજી ઠાકોર તથા જિલ્લા ભાજપા ઉપાધ્યક્ષશ્રીઓ શ્રી રાકેશભાઇ પટેલ, શ્રી જયદીપભાઇ બારોટ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

ડૉ. બિમલ જોષી










તા. ૧૨/૯/૨૧ ના રોજ આણંદ ખાતે મયંક રાવલ ફાઉન્ડેશન દ્વારા સંગીત સમ્રાટ મહોત્સવ ફાઈનલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આખી ઈવેન્ટ એકદમ ફ્રી હતી. કંદર્પને કાર્યક્રમની શરૂઆતમાં સુગમગીત ×સખી મધરાતે એકવાર મીરા× - એ ગીત એમના જ કંપોઝર શ્રી નયનભાઈ પંચોલી સમક્ષ રજૂ કરવાનો મોકો મળ્યો. બધાને ખૂબ પસંદ આવ્યું. કંદર્પે ક્લાસિકલ સંગીતમાં રાગ - જોગ પ્રસ્તુત કર્યો હતો. તેમાં તે દ્વિતીય ક્રમે વિજેતા થતા ૫૦૦૦રુ. તથા શિલ્ડ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યો.કંદર્પનો અવાજ બધાને ખુબ ગમ્યો હોવાથી એક આલ્બમ માટે તેનું સિલેક્શન થયું. આ કાર્યક્રમના નિર્ણાયક- - (૧)શ્રી નયનભાઈ પંચોલી
(૨)શ્રી માયાબેન દિપકભાઇ
(૩)શ્રી રવિનભાઈ નાઈક.

આ સ્પર્ધામાં પ્રથમ ઓનલાઈન ઓડિશન રાઉન્ડ હતો. ત્યારબાદ અલગ અલગ ટાસ્ક આપવામાં આવ્યા હતા. તેમાંથી પસંદગી કરીને સિલેકટેડ સિંગરની પસંદગી ફાઈનલ માટે કરવામાં આવી હતી. જે ઓફલાઈન હતું. આ કાર્યક્રમમાં આપણા દેશના અને વિદેશના ઘણા કલાકારોએ ભાગ લીધો હતો.

આ તકે સ્પેશ્યલ મયંકભાઈ તથા તેની સમગ્ર ટીમનો ખૂબ ખૂબ આભાર..... https://instagram.com/kandarpshuklaofficial?utm_medium=copy_link



સતત હર્ષ ઉલ્લાસ ભર્યા ઓનલાઈન કાર્યક્રમો બાદ તા. ૧૬/૦૯/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે સૌએ સાથે મળી શ્રી ગણેશજી ભાગવાની પૂજા આરતી કરી હતી. સમિતિના અધ્યક્ષ શ્રી નિશિત વ્યાસ, શ્રી શૈલેન્દ્ર સિંહ બીહોલા, શ્રી યુવરાસિંહ રાણા, શ્રીમતી વર્ષાબેન પારેખ, શ્રીમતી હિરલબેન જોષી, શ્રી મીતુલભાઈ જોષી, શ્રી વૈભવભાઈ જાની, શ્રી મુકેશભાઈ મારુ અને સમિતિનીનાં અન્ય સભ્યો દ્વારા વાજતે ગાજતે ગણપતિનું વિસર્જન કરવામાં આવ્યું અને એક અનોખું ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

# ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર દ્વારા ૩૬૦ ફોટોગ્રાફી & વિડિઓ વર્કશોપનું આયોજન.

જો કોઈ પ્રોડક્ટ ફોટોગ્રાફી નું મૂલ્ય હજાર શબ્દો માં હોય તો, ૩૬૦ પ્રોડક્ટ ફોટોગ્રાફી નું મૂલ્ય તે અમૂલ્ય કહી શકાય, ડિજિટલ દુનિયા માં ગ્રાહકો ઓનલાઈન ખરીદી કરવામાં બહુ ઝડપ થી વધી રહ્યા છે, એમાં પણ કોરોના કાડમાં ઘણી બધી બ્રાન્ડ્સ આજના કોમ્પિટ્રિશન યુગ માં પોતાના ગ્રાહકો ને એન્ગેજ રાખવા માટે પોતાની બ્રાન્ડ્સ ને બીજી બ્રાન્ડ્સ કરતા આગળ રાખવા સતત પ્રયત્ન કરે છે, અને નવી ટેકનિક નો ઉપયોગ કરતા હોય છે, જેમાં અત્યારે ૩૬૦ પ્રોડક્ટ ફોટોગ્રાફી એ પણ લોકો નું ધ્યાન આકારસ્યુ છે. ઓનલાઇન શોપિંગ થવા થી પ્રોડક્ટ ફોટોગ્રાફીની નવી તક ઉભી થઈ છે અને આ ડિજિટલ યુગ માં તેમાં સતત વધારો થયો છે, ગણી બધી મોટી ઓનલાઈન કંપનીઓ દ્વારા પણ અત્યારે ૩૬૦ ફોટોગ્રાફી કરી ને પ્રોડક્ટ વેચાણ કરી રહ્યા છે તો આ ન્યૂ ટેક્નોલોજી ને સમજવા અને શીખવા માટે નું ગાંધીનગર ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા ગાંધીનગર માં પહેલી વારજ આવા વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં રોટોક્યુલર નાં શ્રી દિવ્યકાંતભાઈ બ્રહ્મક્ષત્રિય દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું




સાથે ફોટોગ્રાફર ને બેક પેઈન, સોલ્ડર પેઈન, નેક પેઈન ની ગણી તકલીફ હોય છે તો તેના માટે ગુજરાત નાં વિખ્યાત ડૉ શ્રી રાજીવ હર્ષે દ્વારા પેઈન ને લગતી બીમારી અને તેના ઉપાય માત્ર નું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. અને સાથે યોગ દ્વારા કેવી રીતે રોજિંદી શારીરિક તકલીફ ને દૂર કરી શકીયે તેનું માર્ગદર્શન આપ્યું હતું.

આ વર્કશોપ માં મુખ્ય સહકાર લોટસ ફોટોબુક નાં શ્રી દશરથભાઈ દ્વારા મળેલ હતું અને સાથે ગીતા ફોટોગૂડ્સ અમદાવાદ નાં શ્રી કિશનભાઈ સુદ , ચંદ્ર ફોટો સ્ટુડિયો નાં શ્રી એસ. એન શર્માજી, શ્રીનાથજી લાઈવ નાં શ્રી જયંતીભાઈ પટેલ, વાસ્તુ ડિજિટલ નાં શ્રી વસીમભાઈ કાદરી દરેક નું અમૂલ્ય યોગદાન રહ્યું હતું.



નોબલ વર્લ્ડ સ્કુલ-રાજુલા એટલે શિક્ષણ સાથે બાળકોની વિભિન્ન કલાને પ્રોત્સાહિત કરતી શાળા ભારતની આઝાદી વખતે લોકોમાં નવો ઉત્સાહ પ્રેરવા માટે લોકમાન્ય તીલક નાં માર્ગદર્શન નીચે મોટા ઉત્સવ તરીકે ઉજવાય છે. શાળા માં ઈકો ફ્રેન્ડલી ગણપતિની સ્થાપનાં કરી પર્યાવરણ નાં રક્ષણ નો સંદેશ આપવામા આવ્યો હતો. બાળકો દ્વારા ગણેશ ભગવાન પર આધારિત નૃત્ય, નાટક તથા સંવાદો રજુ કરવામાં આવ્યાં હતાં.શાળા નાં શિક્ષકો દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવવા સંપુર્ણ મહેનત કરવામાં આવી હતી. બાળકો ની કલા પ્રસ્તુતી શાળા પરિવાર માટે આનંદોત્સવ સમાન છે.

## પતંજલી યોગ સ્પર્ધામાં ભાગ લેનાર અરવલ્લીના ઈચ્છુક ઉમેદવારો ૨૨ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે

ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન અત્રેની જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા જિલ્લાકક્ષા પતંજલી યોગ સ્પર્ધા નું આયોજન શ્રી એચ.એલ.પટેલ સરસ્વતિ વિદ્યાલય, મોડાસા ખાતે તા.૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ કરાશે.

જેમાં અં-૧૯ વયગૃપના શાળામાં અભ્યાસ કરતા ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ (ભાઇઓ / બહેનો) એ અત્રેની કચેરીમાં તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી પોતાના નામ, સરનામું, જન્મ તારીખના આધાર પુરાવા સાથેની અરજી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી અથવા E-Mail ID- dsoaravalli05@gmail.com પર મોકલવાની રહેશે. એમ એક અખબારી યાદી માં જણાવાયું છે.

# ગાંધીનગરના એસટી નિગમના કર્મચારીઓ કલેક્ટરને આવેદન આપ્યું

ગાંધીનગર, તા.૧૬

એસ.ટી.નિગમના કર્મચારીઓના પ્રશ્નોમાં સેટલમેન્ટ કરાર મુજબ ૭મા પગારપંચની અમલવારીથી ચૂકવવા પાત્ર ઓવરટાઇમ પાછલી અસરથી આપવો. ૭મા પગારપંચના એરીયર્સનો છેલ્લા હપતાનું ચુકવણું કરવું. સેટલમેન્ટ કરાર મુજબ ચડત હક્ક રજાનું રોકડમાં ચુકવણું ચુકવવું. નિગમના કંડક્ટરકક્ષામાં પગારની વિસંગતતા દૂર કરી તાત્કાલીક ૭મા પગારપંચમાં સંકલન સમિતિએ માંગ્યા મુજબના પે-સ્કેલનો અમલ કરીને ચુકવણું કરવું. નિગમના કર્મચારીઓને કોરોના વોરીયર્સ જાહેર કરીને મળવાપાત્ર લાભો સત્વેર ચુકવવાની માંગણી ત્રણેય સંઘની સંકલન સમિતિએ કરી છે. તમામ કક્ષાના કર્મચારીઓને ભરતી અને બઢતીમાં સીસીસી પ્રમાણપત્રની જરૂરિયાતને તાત્કાલિક અસરથી રદ કરવી. બદલી અંગેનો પરિપત્ર નંબર ૨૦૭૭ રદ કરવો અથવા તેના નિયમો હળવા કરવા. નિગમના ફિક્સ પગારી કર્મચારીઓને સરકારના ધારા ધોરણ મુજબ પગાર વધારો કરવો. કર્મચારીઓને યુનિફોર્મનું કાપડ આપવું તેમજ જ્યાં સુધી કાપડ આપવામાં આવે નહી ત્યાં સુધી કર્મચારીઓને યુનિફોર્મના મામલે ડિફોલ્ટ કેસ કરવા નહીં. ફિક્સ પગારી કર્મચારીના અવસાનના કિસ્સામાં તેના આશ્રિત વારસદારને ૪ લાખના પેકેજનો લાભ આપવો. સેટલમેન્ટ કરાર મુજબ કર્મચારીઓને ડીએ, ઓટી અને બોનસ સહિતનો અમલ કરવાની માંગણીઓના ઉકેલ માટે એસટી વર્કર્સ યુનિયન, એસટી કર્મચારી મંડળ અને એસટી મજદુર સંઘની સંયુક્ત સંકલન સમિતિએ કલેક્ટરને આવેદન આપ્યું છે.એસ.ટી. નિગમના કર્મચારીઓને ગત જુલાઇ-૨૦૧૯માં વધેલી મોંઘવારી ભથ્થાની ચુકવણી એરિયર્સ સાથે ચુકવવી. સેટલમેન્ટના કરાર મુજબ વર્ગ-૪ના કર્મચારીઓને ગત વર્ષ-૨૦૧૮-૧૯ અને ગત વર્ષ-૨૦૧૯-૨૦નું એક્સગ્રેસીયા બોનસ ચુકવવું સહિતના કુલ-૨૦ જેટલા પડતર પ્રશ્નો ઉકેલવામાં નહી આવતા એસ ટી નિગમના કર્મચારીઓના ત્રણેય યુનિયનની સંકલન સમિતિએ લડત આંદોલનના ભાગરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.



નોબલ વર્લ્ડ સ્કુલ-રાજુલા ખાતે ઓઝોન દિવસ નિમિતે બાળકોમાં વૃક્ષો પ્રત્યેની સદભાવના યુકત લાગણી જળવાય રહે તેવા ભાવથી વૃક્ષારોપણ તેમજ પ્રકૃતિવંદના નો કાર્યક્રમ યોજાયો હતો. શાળાના બાળકો દ્વારા વૃક્ષો ને નમસ્કાર કરી પ્રકૃતિવંદના કરી બાળકો એ વૃક્ષો દ્વારા આપણને મળતા ઓક્સિજન તથા વૃક્ષોના ઉપકાર પ્રત્યે સમર્પણ ભાવ વ્યકત કર્યો હતો. શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ એ સંયુક્ત રીતે વૃક્ષારોપણ કર્યું હતુ.

### મોડાસા ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજ ખાતે

## કાયદાકીય જાગૃતિ તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓનું માર્ગદર્શન સેમિનાર યોજાયો

મોડાસા

મહિલા અને બાળ અધિકારી કચેરી અરવલ્લી દ્વારા અરવલ્લી મોડાસા ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજ ખાતે "કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩" અંતર્ગત કાયદાકીય જાગૃતિ તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓનો માર્ગદર્શન સેમિનાર યોજાયો.



જે અંતર્ગત સેમિનારમાં લીગલ કમ પ્રોબેશન અધિકારી દ્વારા "કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩" હેઠળ કાયદાની માહિતી આપી નર્સિંગ વિદ્યાર્થીનીઓને આ કાયદાથી માહિતગાર કરી હતી. તેમણે વધુમાં મહિલાઓને મળેલા અધિકારોની વિગતવાર સમજણ આપી હતી.

આ ઉપરાંત મહિલા અને બાળ અધિકારી કચેરી વિભાગના અધિકારીશ્રીએ સરકારશ્રીના તમામ વિભાગોની મહિલાલક્ષી યોજનાઓની વિસ્તૃત સમજણ આપી તેમજ ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન એપ્લીકેશનની માહિતી આપી હતી.

આ સેમિનારમાં ભાગ્યલક્ષ્મીને મેનેજર ટ્રસ્ટી શ્રી ડૉ.દીપ પટેલ, આચાર્યશ્રી રોબીન થોમસ, લીગલ કમ પ્રોબેશન અધિકારીશ્રી, જીલ્લા મહિલા બાળ અધિકારીશ્રી દિપેન પંડ્યા, દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીમતી મેઘાબેન, મહિલા અને બાળ અધિકારી કચેરીના ફીલ્ડ ઓફિસર, મહિલા શક્તિ કેન્દ્રના કો-ઓર્ડીનેટર, PBSC સેન્ટરના કાઉન્સેલર પ્રેમીલાબેન, ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન કાઉન્સેલર, ભાગ્યલક્ષ્મી નર્સિંગ કોલેજના અધિકારીશ્રીઓ, તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

### કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં સાડા પાંચ કરોડના ખર્ચે

# નવનિર્મિત ૬ પોલીસ સ્ટેશન અને નાયબ પોલીસ અધિક્ષક કચેરીના વર્ચ્યુઅલ લોકાર્પણ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતીમાં સંપન્ન કર્યા

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતીને વધુ સુદ્રઢ કરવાના અનેક નવતર આયામો અપનાવી રાજ્ય સરકારે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાયદો વ્યવસ્થાની સ્થિતીમાં આમૂલ ચૂલ પરિવર્તન કર્યુ છે તે માટે ગૃહ મંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા




ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભુતકાળમાં ગુજરાતની છબિ કરફ્યુ કેપિટલ અને છાશવારે રમખાણો થતા રાજ્યની હતી.હવે, રાજ્ય પોલીસે અદ્યતન ટેકનોલોજી, કૌશલ્યવર્ધન યુકત કર્મીઓની સમયબદ્ધ ભરતી, ગુજસિટોક જેવા કાનૂની ઢાંચાને નક્કર સમર્થનથી ગુજરાતને શાંત, સલામત, સુરક્ષિત અને વિકસીત રાજ્યની ઓળખ અપાવી છે.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યના વિકાસમાં કાયદો વ્યવસ્થાની સંગીન સ્થિતી અને લોકોની સુરક્ષાને પાયા રૂપ ગણાવ્યા હતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં ગુજરાત પોલીસ બિટ પોલીસીગથી સ્માર્ટ પોલિસીગ તરફ સફળતાપૂર્વક આગળ વધી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું

શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પોલીસ દળના સાયબર આશ્વસ્ત, વિશ્વાસ પ્રોજેકટ, ૧૦ હજાર જવાનોને ૭૧ કરોડના ખર્ચે અપાનારા બોડીર્વોન કેમેરા જેવી સુવિધાઓથી રાજ્યના નાગરિકોની જાન-માલ સુરક્ષા, કાયદો વ્યવસ્થા જાળવણીમાં નવું બળ મળ્યું છે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ ગાંધીનગરથી સહભાગી થયા હતા. સાણંદ ધારાસભ્ય શ્રી કનુભાઈ, ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા તેમજ અમદાવાદ રેન્જ આઈ.જી. કલેકટર અને પોલીસ અધિક્ષક વગેરે કાર્યક્રમ સ્થળેથી આ વર્ચ્યુઅલ લોકાર્પણમાં જોડાયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.